ચંદન મલયાગરી નાટક

ચાર અંકમાં

કેટલાએક ગાયનોના વધારા તથા સુધારા સાથે.

દોહોરા.

ક્યાં ચંદન ક્યાં મલયાગરી, ક્યાં સાયર ક્યાં નીર;
જેમ જેમ પડે વિપતડી, તેમ તેમ સહે શરીર.

છઠી આવૃત્તિ.

મુંબઇ:—સુબોધ પ્રકાશ પ્રેસમાં છાપ્યું છે.
સને ૧૮૮૯——સંવત ૧૯૪૬.
કિંમત ચાર આના.

સસ્તાં અતિ ઉપયુક્ત પુસ્તકો.

બાળચિત્ર પોથી અથવા ચિત્રબોધ.

ભાગ ૧ લો.

(ઉપલી ચોપડાની માત્ર થોડાજ વખતમાં હજારો નકલો
ખપી ગઇ છે. એ ચોપડી બાળકોને ઘણીજ ઉપયોગી
છે. ટપાલ ખર્ચ માત્ર અડધો આનો.)

કીમ્મત એક આનો.

૨૯૦૩

કલગી ગાયન સંગ્રહ.

જેમાં.

ખહર લંગડી, ઝૂડી, મેરીજાન, ઠેરકણી, છોટી, શિકરતા, જરથી
સખીઓ વગેરેના ગાયનો સમાવેલાં છે. ટપાલ ખર્ચ
માત્ર એક આનો.

કીમ્મત આના બાર.

વેચનાર તથા પ્રગટ કરનાર :—

જમનાદાસ ભગવાનદાસ કુંપની.

ઠેકાણું :—ભુલેશ્વર મુંબાઇ.

चंदन मल्यागरी नाटक.

નાટક પાત્ર.

કૃષ્ણ.................. }
શની.................. } દેવતાઓ.
શાંત.................. }

ચંદન..................ચંદનાવતીનો રાજા.

મલ્યાગરી ....તેની રાણી.

સુનંદા ....તેની દાસી.

સાયેર અને નીર......તેના પુત્રો.

પ્રધાન ....ચંદન રાજાનો.

પુંદરીક ....પાંડુવ દેશનો રાજા.

સરદાર ....રાજા પુંદરીકનો. [રાજાની માસીનો પુત્ર.

રામશીંગ ....મદનાવતી નગરીનો રાજા અને ચંદન

પ્રભાવંતી ....તેની રાણી.

રતનસીંગ ....તેનો પુત્ર,

જેઠેપશા ....સાયેરને ઢેડનાહાથમાંથી ફાંસી દેતા છોડાવનાર.

ઢોકલસીંગ .. ..અચલાકપુરીનો રાજા.

ઢોકસલીંગની પુત્રી...સાયેરની સ્ત્રી.

સુખદેવ...........નરપતપુરનો રાજા.

સુખદેવની પુત્રી ...નીરની સ્ત્રી.

એ સિવાયે વિદુષક, દરબારીઓ, ખજાનચી, કંચનીઓ, ખાસદાર. દ્વારપાળ, ગોર, નરપતીઓ વણુઝારા. તરો, લશ્કરો. માલી, બીજા રાજાઓ, મચ્છીમારો, ઢેડ, ચોપદારો, વગેરે, વગેરે, વગેરે.

આખી મંડલી ઇશ્વર પ્રાર્થના કરે છે.

ઝીંઝોટી—ઠુમરી.

(વિનતી ધરજો ધ્યાન સજ્જન સૌ) એ રાહ.

કૃપા કરો ભગવાન, પ્રભુજી કૃપા કરો ભગવાન,
છઈએ હમે નાદાન, પ્રભુજી કૃપા કરો ભગવાન—ટેક.
આપ સત્તાથી કામ આરંભ્યું, તેથી મળે બહુ માન—પ્રભુજી.
દસ દીશાએ નામ અવીચળ, છો સર્વે ગુણવાન—પ્રભુજી.
ધન સુખ સંપતી અવીચળ આપો, આપો શુદ્ધ જ્ઞાન—પ્રભુજી.
"લ્હેરી" તમને વંદન કરે છે રાખે છે તમોપર ધ્યાન—પ્રભુજી.

બીજી ઇશ્વરી સ્તુતિ.

ઉપલી રાહે.

છો તમે દીન દયાલ—પ્રભુજી છો તમે દીન દયાલ—ટેક
નારદ શારદ શીવ બ્રહ્માદિ—તમને ભજે ત્રેકાળ—પ્રભુજી.
નામ તમારૂં મુખથી લેતાં—છુટે જગત જંજાલ—પ્રભુજી.
પતીતપાવન અધમ ઓધારણ—નામ છે પરમ રસાલ—પ્રભુજી.
તમને જાણ્યા વિન જીવ ભટકે—સ્વર્ગ મૃત્યુ પાતાલ—પ્રભુજી.
જે જન શરણે આવે તમારે—તેની કરો પ્રતિપાળ—પ્રભુજી.
પારસ સ્પર્શે થાયે કંચન—જેમ ધાતુ તતકાળ—પ્રભુજી.
આશા પુરણ કરજો હમારી—જાણીને નીજ બાલ—પ્રભુજી.

चंदन मलयागरी नाटक.

અંક ૧ લો—પ્રવેશ ૧ લો.

સ્થળ—રાજ દરબાર.

(પ્રધાન, દરબારીઓ, વિદુષક તથા કંચનીઓ બેઠેલાં છે ત્યાં રાજાનું આવીને આસને બેસવું.)

ચોપદાર—રાજા ધીરાજા ચંદનરાય માહારાજને ઘણી ખંમાં!

વિદુષક—વિદુષક માહારાજને ઘણી ખંમાં!

ચંદન—પ્રધાનજી, આપણા નગરના લોકો કેવી સ્થીતિમાં છે અને સર્વે રૈયત સલાહ શાંતીથી વર્તે છે કે નહી?

પ્રધાન—માહારાજ આપણા રાજમાં પ્રાણીમાત્રનું પણ સત્યભાંજ વર્તન છે.

ચંદન—અએ મારી ગાનારીઓ, આજે તમે એવું ગાયન કરો કે જેથી મારા જીવને અત્યંત ખુશી પેદા થાય?

કંચનીઓ—બહુ સારૂ માહારાજ.

જીલા-ઠુમરી.

(જલ ભરન જાત જમના કે ઘાટ) એ રાહ.

ધન્ય ધન્ય તું રાજા ચંદન, ધન્ય ચંદનાવતી નગરી તારી—ટેક.
ઇનસાફ અદલ સતવાદી છો, સર્વે રૈયતને સુખકારી—ધન્ય.
જગમાં જશ ગાયે નારી નર, પ્રતાપ તમારો છે ભારી—ધન્ય.
સુખ છે રાજા ઇંદર જેવાં, હું વારી વારી જાઉં બલીહારી—ધન્ય.

ચંદન—પ્રધાનજી, આ કંચનીઓએ કેવું સારૂં ગાયું છે!

પ્રધાન—મહારાજ હા! બહુ સારૂં ગાયન કર્યુ છે, જે સાંભળવાથી સર્વે અત્યંત ખુશી થયા છઇએ.

ચંદન—પ્રધાનજી, એ કંચનીઓને હુકમ કરો કે એક બીજું સારૂં ગાયન, ગાઇ સંભળાવે?

પ્રધાન—અયે કંચનીઓ? તમારા કોકીલા સરીખા મીઠા સ્વરથી એક એવું બીજું ગાયેન કરો, જેથી તમારા ભાગ્યનો ઉદય થયો જાણો?

કંચનીઓ—સારૂં માહારાજ.

ઝીંઝોટી-ગજલ.

(ગઇ એક બ એક જો હવા પલટ.) એ રાહ.

વાહે વાહે રાયજી, મુજપર દયા મોટી કરી;
શું વખાણું જશ તમારા, જગતમાંહી છે ભારી—ટેક.
કોઇ નથી પાછો ફર્યો, જાચક તમારે દ્વારથી;
સર્વની ઉમેદ પુરી થઇ, છે તમો આગળ ખરી—વાહે.
સંપદા છે કુબેરસમ, દાની બીજો જાણે કરમ;
સતવાદી ધર્મના સ્તંભ છો, પ્રસન તમોપર શ્રી હરી—વાહે.
રાજ અમર રહો તમારૂં, તેજ જગમાં તપો;
નાશ થાજો જે કોઇ, જગમાં તમારો હોય વેરી—વાહે.
સર્વ ગુણ ભંડાર છો, ઉપમાં કઠણ હું શું કહું;
રેહેમ મુજ ઉપર કરો, જાણે તમારી કીંકરી—વાહે.

ચંદન—પ્રધાનજી? એ કંચનીઓએ મારા મનને હદ્દ કરતાં પણ વધારે ખુશી કીધું છે તેના અવેજમાં પચીસ હજાર મોહોર આપો?

વિદુષક—હો હો! મારા બાપરે આટલા બધા! રૂપીઆ! પચીસ હજાર! કંચનીઓનાં નશીબતો ફાટી ગયાં! (જાય છે.)

પ્રધાનજી—બહુ સારૂં માહારાજ.

ચંદન—અયે મારા સરદારો? હવે રાત્રી ઘણી વિતીત થઈ અને મને પણ ઊંઘ આવે છે માટે કચેરી બરખાસ્ત કરો!

પ્રવેશ ૨ જો.

સ્થળ–રસ્તો.

(શનીનું વિચારમાં પડવું અને શાંતદેવનું આવવું.)

શનીદેવ–(વિચાર કરે છે) હું રાજા ચંદનને આજે બારમી રાશે બેઠો છું, હવે મારે એને દુઃખ દેવું જોઈએ, પણ રાજા સત્યવાદી છે તેથી મને એના ઉપર દયા આવે છે, પણ જો એને હું દુઃખ ન દઊં તો ઈશ્વરની કીધેલી જે નીતી છે, તેનો અલોપ થઈ જાય છે. (એટલામાં શાંતદેવ આવે છે.)

શાંતદેવ—કેમ સનીદેવ? શું વિચારમાં પડ્યા છો?

શનીદેવ—શાંતદેવ! આજે હું મોટા વિચારમાં પડ્યો છું કે જેથી મારા શરીરની પણ શુદ્ધિ રહી નથી.

શાંતદેવ—સનીદેવ, એવો તે શું વિચાર છે! મને કહોતો ખરા!

સનીદેવ—શાંતદેવ? સાંભળો, આજે રાજા ચંદનને હું બારમી રાશે બેઠો છું, ને રાજા સત્યવાદી છે હવે જો હું તેને દુઃખ ન દઊં તો, ઇશ્વરની જે નેત છે તે તુટી જાય છે; અને એવા ધર્માત્મા પુરૂષને દુઃખ આપવા માટે મારા રદયમાં મને અત્યંત ખેદ થાય છે.

શાંતદેવ—સનીદેવ, દયા લાવી પરમાત્માની નેત તોડવી એ મોટા પુરૂષને ન ઘટે; જુવો તો ખરા નેતને માટે ફરસરામે પોતાની

માંતાને મારી નાંખી ને એકવીસ વાર નક્ષેત્રી પૃથ્વી કરી, વળી નેતને માટે શ્રીકૃષ્ણ ભગવાને પોતાનો જે યાદવકુળ તેનો સંહાર કર્યો, ને નેતને માટે અર્જુને પોતાના ભાઇ કૌરવ તેનો વધ કર્યો માટે નેત કેમ મુકીએ?

સનીદેવ—શાંતદેવ, તમે જે કહ્યું તે ખરૂં છે; હવે મારો પણ એવોજ વિચાર છે કે ગમે તેમ થાઓ પણ ઇશ્વરની નેતને તો તોડવીજ નહી.

શાંતદેવ—બહુ સારૂં ત્યારે સનીદેવ, નમસ્કાર છે, હું જાઊં છું.

સનીદેવ—સારૂં પધારજો નમસ્કાર છે.

પ્રવેશ ૩ જો.

સ્થળ—રાજમહેલ.

(રાજા ચંદન તથા મલ્યાગરી સુતા છે. અને આકાશ માર્ગેથી સનીદેવ વઈમાનમાં બેસી આવે છે.)

બરહુતસ—ગજલ.

(ગર હમને દીલ સનમકુ દીયા ફીર કીસીકુ ક્યા) એ રાહ.

સનીદેવ—શું ઘેનમાં ઘેરાએ રાજા? થાની તું હોંશીઆર;
હું વાત જે પુછું તેનો તું જવાબ દે નીરધાર—ટેક.
કહેતો પડું હમણા તુજપર, કેહેતો ધડપણ માંહી;
જે પાપ પેલેભવ કર્યા તે, ભોગવો આ વાર—શું ઘેનમાં
જેવાં જેવાં કર્મ કરે, કોઇ જે જગતમાંહી;
તેવાં તેવાં ફળ આપે, જગતનો આધાર—શું ઘેનમાં.
ભોગવ્યા વિના પાપનું ફળ, છુટશો નહી;
આ વાતનો ઉત્તર કહો; મનમાં કરી વીચાર—શું ઘેનમાં.

ચંદન—(એવા અવાજ સાંભળી રાજાનું ચમકીને ઉઠવું અને રાણીને પુછવું) ઉઠ ! ઉઠ ! પ્રીયા ! જો ! જો ! આ ગેબી અવાજ એકાએક ક્યાંથી થયા !

મલ્યાગરી—પ્રાણનાથ, સુઇ રહો, વળી અવાજ તે ક્યાંથી થશે, એતો તમને સ્વપનું આવ્યું હશે.

ઉપલી રાહે.

સનીદેવ—શું પ્રેમમા ઘેરાએ રાજા, થાની તું હોશીઆર;
હું વાત જે પુછું, તેનો તું, જવાબ દે નીરધાર—ટેક.

ચંદન—(ગભરાઇને) નારે ના ! સ્વપનું તો કેમ હોય ! (ઊંચી નજર કરી જોય છે એટલામાં સનીદેવ નજરે પડે છે.) અરે ! જો જો! અંત્રીક્ષથી કોઇ દેવતા આપણે ત્યાં આવ્યા હોય એમ લાગે છે ! (હાથ જોડીને) અયે કૃપાનાથ, તેત્રીસ કરોડ દેવતા છે તેમાં તમો કીયા દેવતા છો તે કૃપા કરી મને કહો, મારા મોટાં ભાગ્ય ઉદય થયાં જે આજ તમારા દરશણ થયા.

સનીદેવ—અએ સત્યવાદી રાજા ચંદન, હું સનીદેવ છું, અને આજે હું તને બારમી રાશે બેઠોછું, માટે તને ભારે દુઃખ ભોગવવું પડસે, તું સત્યવાદી રાજા હોવાથી હું તને પુછવા આવ્યો છું કે તું હમણા ભોગવીસ કે ઘડપણમાં ?

ચંદન—માહારાજ, એ વાતનો ઉતર હું મારી પ્રીયાને પુછીને કહુંછું

સનીદેવ—સારૂં રાજા, સારૂં

ચંદન—અેા મારી પ્રાણપ્રિયા, હવે આપણે સનીદેવને શું જવાબ આપીએ !

મલ્યાગરી—સ્વામીનાથ હમણા જે દુઃખ આપણા ઉપર પડસે તે સહન થસે, અને ઘડપણમાં તો રાઇ જેટલું દુઃખ પડશે તો તે

સુમેરી સરખું લાગસે, માટે જુવાનીમાંજ ભોગવી લઇએ તો ઠીક, જુવો, મારો તો એવોજ વિચાર છે પછી તો આપની મરજી.

ચંદન--હા પ્રીયા ખરી વાત તેં કહી, મારો પણ એવોજ વિચાર છે, ત્યારે હવે હું એમજ કહું છું.

પરજ-ચોપાઈ.

સત્ય કહું છું શની માહારાજ, મારા શીરના છો તમે તાજ;
હમણા દુઃખ પડો હમપર, રાખનાર છે સત્ય ઇશ્વર,
તેમાં કોઇનું જોર ન ચાલે, નીશ્ચે થાસે લખ્યું જે આ ભાલે;
માટે હું તોરે બીતો નથી, સત્ય વાત કહું છું રે કથી,

સનીદેવ--ઠીક, ઠીક, રાજા બહુ સારૂં હવે હું જાઉં છું

ચંદન--વારૂ દેવ, સુખેથી પધારો, તમોને મારા નમસ્કાર છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ-રસ્તો.

(પાંડુવ દેશનો રાજા પુંદરીક પોતાનું લશકર લઈ ચંદનાવતી જીતવાને આવે છે.)

બરહન્સ-રાગ.

(અફસોસે તું યાદકર અલ્લાહકુ આદમ.) એ રાહ,

લશકર—ચાલોની સૌ ચાલો તમે લડવાને આ વાર;
મારી કાપી દુશ્મનોનો, કરીએ જઈ સંહાર—ટેક.
કોઇને મારો તેધ તબર, કોઇને તરવાર;
કોઇને મારો તીર ભાલા કોઇને કટાર—ચાલોની.
થઇ છે સામા સામી હવે, થાઓની હોંશીઆર;
પકડોને જવો પકડો હવે કરવો શો વીચાર—ચાલોની.

વજાડો વાજા જંગના, મારી કરો બેજાર;
ફતેહ સદા છે આપણી, ને દુશ્મનોની હાર—ચાલોની.
ચઢીને કીલ્લા ઉપરે, દરવાજા તોડો યાર;
જઈને શેહેરમાંહી લુટો, હાટને બાજાર—ચાલોની.

(રાજા પુંદરીકના સરદારને રાજા ચંદનનો દ્વારપાળ મળે છે અને વાતચીત થાય છે.)

સરદાર—અએ દ્વારપાળ, તારા રાજા ચંદનને જઇને કહે કે મારી સાથે લડાઈ કરે, નહી તો શેહેર મુકીને ચાલ્યો જાય એવો મારા રાજા પુંદરીકનો સંદેસો કહે ?

દ્વારપાળ—વાહ સરદાર ! વાહ ! બહુ બડાઇની વાતો કરવા માંડી છે, તમારૂં મોત આવ્યું છે કે શું ?

સરદાર—ઓ મુરખ, અમારૂં મોતતો આવશે ત્યારે, પણ કેહેનો હોય તો, તને હમણા મજા બતલાતું ?

દ્વારપાળ—અરે ઓ મચ્છર, તું મને શું મજા બતાવશે. હું કેવાં કેવાં શેહેર ફર્યો છું તે તું સાંભળ ? શેહેર આગ્રા, ઇંદોર, કાનપુરને કાશી; દીલ્હીને લખનો વળી દતીઆને જાંસી; કલકત્તા. બંગાલા મદ્રાસ અને હદ્દુસાન; તુર્કને તાતાર દેશ; કાબુલ. ઇરાન. ફ્રાન્સ અને પૅરીસ, વળી રૂશીઆ લંડન; કચ્છ, સીંધ, ચાંદનીનું નગ્ર, ને ઉજજન; જેપુર, જોધપુર, જુનાગઢ, ઇંદોર, થઈ, નાશક, પુના સેતારાથી આવ્યો છું અહીં; એવાં એવાં તો હું હજારો શેહેર ફર્યો છું, હું કેવો સીંહ જેવો છું ત્યારે તું શીયાલનું શું ચાલનાર છે ! (સરદાર તેને મારવા જાય છે અને દ્વારપાળ બુમ પાડતો નાશી જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ચંદનની દરબાર.

(પ્રધાન દરબારીઓ વિદુષક વગેરે બેઠલાં છે અને રાજા આવે છે.)

ચોપદાર—રાજા ધીરાજ ચંદનરાય મહારાજને ઘણી ખંમાં !

વિદુષક—વિદુષક માહારાજને ઘણી ખંમાં !

ચંદન—પ્રધાનજી, આજે મારૂં ડાબું અંગ અને ડાબું નેત્ર ફરકે છે એને શું !

પ્રધાન—માહારાજ, એ માઠા અપશુકન છે. આજ મને પણ ઘેરથી આવતા હરણ ડાબા ઉતર્યા હતાં, ભેરવ કલકલતી હતી, સામેથી લાકડાનો ભારો મળ્યો હતો, વળી ધોબી મેલાં કપડાં લઇને જતો હતો, એવાં એવાં માઠાં સુકન થયા હતાં; માટે આજ ઈશ્વર જાણે શું ઉત્પાત થવાનો છે, તે કાંઇ હું કહી શકતો નથી.

(એટલામાં દ્વારપાળ આવે છે.)

ગીઝલ—મસનવી.

(અરે ઓ પરી સબ્જ ઓ બેહયા.) એ રાહ.

દ્વારપાળ—ફરીઆદ ફરીઆદ છે રાયજી;
લડવાને રાય પુંડરીક આવ્યો સહી—ટેક.
છે અગણીત લશ્કર નહી જેનો પાર;
તે આવીને ઉભો છે કીલ્લાની બાહાર—ફરીઆદ.
બહુ બુમો પાડે છ મચાવે છે સોર;
જણાવે છે પોતાનું જબરૂં એ જોર—ફરીઆદ.
કહું મુજને કર તારા રાજાને જાણ,
મુકી નગ્ર બાહાર લઈ નીકલે પ્રાણ—ફરીઆદ.
તે માટે માહારાજ થાઓની તયાર;
કરો હુકમ લશ્કરને લડવા આ વાર—ફરીઆદ.

વિદુષક--(ટટાર થઇ) અરે હું કેવો લડનાર બાહાદર છું (બોલી રહ્યા પછી ખાસદાર આવે છે.)
ખાસદાર—ગરીબ પરવર, આપણી નવી ઘોડસાળ એકાએક તુટી પડી! ને બધા ઘોડા ડબાઇ ગયા તેમાંથી કેટલાએક જખમી થયા છે, અને બાકીના મરણ પામ્યા છે!
વિદુષક—ઓ મોહોકાણ! સનાનના સમાચાર લાવ્યો કે?
ચંદન--(ઉતરીને) વારે દૈવ! તારી ગતીનો કાંઇ પારજ નથી! વારે સમો પણ હોય. આવા સમામાં જે ધીરજ ધરે તેજ ધીર પુરૂષ કહેવાય, માટે ધીરજ હું કેમ મુકું! પ્રધાનજી! તમો લશ્કર લઇને કીલ્લા ઉપર જાઓ! હું મેહેલમાં જઇ હમણા આવુંછું!
વિદુષક—હું પણ ત્યારે મારા ઘરમાં જઉને આવું છું!
પ્રધાન—બહુ સારૂં. માહારાજ, જેવી આપની આજ્ઞા.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રસ્તો.

(પ્રધાન વિચાર કરે છે એટલામાં દ્વારપાળ આવેછે.)

પ્રધાન—ઓ ઇશ્વર! આ એકાએક લશ્કર ચઢી આવ્યું, હવે તે હું શું કરૂં! (દ્વારપાળ પછાડીથી આવીને કહે છે.)
દ્વારપાળ—ઓ પ્રધાનજી? તમે ગભરાવછો સાને માટે? ચાલો ચાલો, જલદી? હું આવો શુરવીર તમારી સાથે છતાં શું ફીકર છે?
પ્રધાન—અરે મુરખ, હું તો મારા વિચારમાં પડ્યોછું, અને તને મશકરી સુઝેછે.
દ્વારપાળ--ઓ પ્રધાનજી, એ માટે વિચાર સાનો કરવો હતો? અરે હું કેવો છું?

બેત.

મારે તેની પાછળ ચાલું ભાગે તેની આગલ થાઊં;
કદી લડાઇ શરૂ થઇતો, બુમો પાડી નાસી જાઊં.
પુર્વમાંથી બુમ પડેતો, પશ્ચીમ દીશામાં ઉભો રહું;
દક્ષીણમાંથી આવે લશ્કર તો હું વાટ ઉત્તરની લઊં.
માખી મારૂં પાંખો તોડુ, દાંતે માખણ ચાવી ખાઊં;
સો મુક્કીથી પાપડ ભાગ્યું, એવો રજપુત હું કેહેવાઊં.
નાના બાળક બુમો પાડી, રડતા હોયતો કદી ન બીઊં;
તરસ વધારે લાગી હોયતો, બેચાર લોટા પાંણી પીઊં.

દ્વારપાળ—અરે આવો હું પેહેલવાન તમારી સાથે છતાં તમો શામાટે બીઓ છો ?

પ્રધાન—અયે દુષ્ટ, આવા સમામાં તું પણ કઠણ શબ્દો સંભળાવે છે, હું જાણું છું કે તું તે દુશમનનો મેળાપી છે માટે જા અહીંથા ? નહીતો આ તરવારથી તારૂં માથું કાપી નાંખીશ !

પ્રવેશ ૭ મો.

સ્થળ—રાજમેહેલ.

(રાજા ચંદનને કચેરીમાંથી આવતાં અસુર થવાથી મલ્યાગરી દાસીને પુછેછે એટલામાં ચંદન આવે છે.)

મલ્યાગ્રી—દાસી ! દાસી ! (દાસી આવે છે.)

દાસી—બાઈસાહેબ શી આજ્ઞા છે !

મલ્યાગરી—જોની હજુસુધી મારા પ્રાણનાથ કચેરીમાંથી કેમ નથી આવ્યા ! (ગભરાઈને) અરે ! આજે મારૂં જમણું અંગ કેમ ફરકે છે ! રખેને કાંઇ અપશુકનની નીશાની તો ન હોય !

દાસી—બાઇસાહેબ, ધીરજ ધરો તે હમણા આવતા હસે; અરે! જુવો! જુવો! પેલા સામેથી આવે છે.

મલ્યાગરી—(આલીંગન કરેછે) કેમ પ્રાણનાથર તમને કચેરીમાંથી આવતા આટલી બધી વાર લાગી!

ચંદન—પ્રીયા, આપણો દીવસ હવે ઉલટો આવ્યોછે! આપણાં કીલ્લા ઉપર લસ્કર એકાએક ચઢી આવ્યું છે માટે હું ત્યાં જાઉંછું!

મલ્યાગરી—(રડીને) અરેરે પ્રાણનાથ! આતે શું થયું! અને હવે તે શું થશે!

ચંદન—પ્રીયા, તું શોક શા માટે કરે છે, જરા ધીરજ ધરી, ઇશ્વર ઉપર ભરોસો રાખ કે તે આપણને સહાય કરસે.

મલ્યાગરી—અરેરે પ્રાણનાથ! આ શેહેરનું ગમે તેમ થાઓ! પણ હું તો તમને નહી જવા દઊં!

ચંદન—પ્રીયા તું તો છેક ઘેલી થઇ છે (પોતાની સ્રીને દીલાસો આપી જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—આગલું જંગલ.

(રાજા પુંદરીકનું લસ્કર ગાતું આવે છે.)

ઝીંઝોટી—દાદરો

(વીદા થાવો, વીદા થવો રાજશ્રી માટે) એ રાહ.

લસ્કર—સુરા જન તન મનથી સૌ ચાલો,
શત્રુઓને આપણે, મારી કાઢી કાઢો—ટેક.
હીમત રાખજો સૌ, અસુરને હંફાવીએ બહુ;
શું છે એનાં મગદુર, હીંમતે લલકારો—સુરા,

કીધા છે આપણે હેરાન, લઈશું ચંડાલોના પ્રાણ;
આ તરવારે કાઢી જાન, ભાઈ ભય ભય મારો-શુરા.

પ્રવેશ ૯ મો.

સ્થળ—પાછલું જંગલ.

(પુંદરીકનું લસ્કર ગાતું ગાતું આવે છે)

અંગ્રેજી રાહ.

લસ્કર—ચાલો શુરવીર ધરવી નહીં ધીર, (બે).
મારસું તાંકી તાંકીને ખુબ તીર. (બે)
દુશમનોના ઉડાડસું શીર—ચાલો.

(ચંદન પોતાના કીલ્લામાં લસ્કર લઈ ઉભો છે ત્યાં રાજા પુંદરીકે આવી લડાઇ કરવાને કેહેવું.)

બેત.

પુંદરીક—મુકી કીલ્લો બાહાર, આવની રાજાચંદન તું;
સ્ત્રી સરીખો છુપી રહ્યો છે, આ કીલ્લામાં તું શું ?
ચંદન—સાંભળ ઓ દુષ્ટ પુંદરીક, તું ગર્વ ના કર લગાર,
ગર્વ તારો ઉતારસે, મારી આ તરવાર.
પુંદરીક—એવી હીમ્મત રાખે છે તો જો તું મારૂં જોર;
એક પળમાં પોંહોચાડું, જ્યાં છે નર્કમાં ઘોર.
ચંદન—મારા જોરને આગે પાપી તું ભુલી ગયો આજ;
હજારોવાર રણમાંહેથી નહાઠોતો શું નથી આવતી લાજ:
પુંદરીક—ત્રેંડલ સરીખો બકી રહ્યો છે, ગોડેથી શું બોલ ?
કરની ઘાવ આ સર્વે દેખતા, ઉતારૂં તારો તોલ.
ચંદન—ઓ મુરખ શું બકી રહ્યો છે. લે હવે સંભાલ;
હમણા મોકલું યમપુરીમાં ને આણું સૌનો કાળ.

(લડાઇ થાય છે અને ચંદનરાજાનો પરાજય થાય છે.)

અંક ૨ જો—પ્રવેશ ૧ લો.

સ્થળ—કટ જંગલ.

(રાજા ચંદન, મલ્યાગરી, સાયેર, અને નીર એ ચારોનું આવવું અને ઇશ્વરની પ્રાર્થના કરવી.)

ભયેરવી—મુસ્તેજાદ.

(દીલકે હેનેમે કીસી રાહ મુજે ઇનકાર નહી) એ રાહ.

ઓ પ્રભુ શું કર્યાં પુર્વે હમે પાપ ભારી--આ શી ગતી હમારી
દીનના દયાલ હમપર આંખ ફરી કેમ તારી—આ શી ગતી હમારી;
શરણે આવે તેને તો મરણ ન હોય સ્વામી—તું તો છે અંતર જામી;
ભક્તવછલ તું તારૂં બ્રદતો જરા જો વીચારી--આ શી ગતી હમારી;
દ્રૌપતીના ચીર પુર્યા ગજની તેવારે કરી—અજામેલ તાર્યો હરી;
વીદુરની ભાજી જમ્યા ઉગારી અહલ્યા નારી—આ શી ગતી હમારી;
ક્યા મારો દેશને ક્યાં રાજને ક્યાં સુખ મારાં—ફરવું ક્યાં આ વનમાં;
ત્રાહેરે ત્રાહે હવે સાહે થાજે તું મુરારી--આ શી ગતી હમારી.

સાયેર અને નીર--(કરગરીને) ઓ મારા વાહાલા માત પીતા ! અમોને તો પાણીની ઘણી તરસ અને ભુખ લાગી છે ! માટે ગમે તેમ કરી, અમોને અન્ન પાણી લાવી આપો, અગર જો અન્ન પાણી નહી લાવી આપો તો હમારા પ્રાણ જતા રહેશે !

ચંદન—(કરગરીને) અરે ! મારા પ્યારા પુત્રો ! મારી આંખોનાં તારા ! મારા સ્નેહી ! અરે અહીં કોઇ ઝાડ ઉપર ફળ ફુલ કાંઈ નથી ! તેમ પાણી પણ આટલામાં દેખાતું નથી, અરેરે ! હવે હું શું કરૂં ! મારા બાપ ! જરા ધીરજ રાખો, કેમકે તમો ડાહ્યા છો, આગલ ચલો પાણી ઘણું મળસે !

સાયેર અને નીર--વારૂ પીતાજી જેવી તમારી આજ્ઞા !

પ્રવેશ બીજો.

સ્થળ—રસ્તો.

(ચંદન. મલ્યાગરી, સાયેર અને નીરને પાણીની તરસ મટતી નથી તેથી કરીને ઘણા કરગરે છે અને એ લોકોના જવા બાદ પ્રધાન અને વિદુષક દાખલ થાય છે.)

પીલુ-ગજલ.

(કહું કયા ફુલકકા સતાયા હું મંએ) એ રાહ.

સાયેર અને નીર——સાંભલો માત પીતા સુખ દાઈ;
તરસે કરી જાય છે કંઠ સુકાઇ——ટેક.
જો જલ આએ વખતે નહી આપો;
તો નહી પ્રાણ રેહે દેહે માંહી——સાંભલો.
બીજું જે દુઃખ પડે તે સહીએ;
પણ આ દુઃખ નહી સહાએરે કાંઇ—સાંભલો.
જોઇએ ત્યાં જઇ પાણી લાવો;
ચાહો હમારી જો કુશલાઇ——સાંભલો.

ભયેરવી—ગજલ.

(ઇસ્કમે તોરે કોહે ગમ.) એ રાહ.

ચોરી કરી હમે તે શું, આ શું દીધું દુઃખ પ્રભુ,
પાપ તે અમથી શું થયું ? આ શું દીધું દુઃખ પ્રભુ—ટેક.
પુત્રે હમારે તાડ કે તડકો કદી જોયો નથી;
તેનુંપાણી બીન સુકે ગલું, આ શું દીધું દુઃખ પ્રભુ—ચોરી.
ખબર નથી દીન રાતની, ચલાસે વનમાં તેથી કેમ;
કોમલ શરીર છે પ્રીયાનું, આ શું દીધું દુઃખ પ્રભુ—ચોરી.
કયાં તે હમારૂં રાજ સુખ, કયાં વીપત આવી પડી;

હાયે હવે હું શું કરૂં ! આ શું દીધું દુઃખ પ્રભુ—ચોરી."
તું ને દયાળુ વેદ શાસ્ત્ર, ને રૂષિ મુનીએ કહ્યો;
. નીરદય થયો આવો કેમ તું? આ શું દીધું દુઃખ પ્રભુ—ચોરી.

સાયેર્ અને નીર્—વાહાલા માત પીતા ! અમોને પાણીની તરસ બહુ લાગી છે, પીતાજી ! પાણી ! પાણી ! પાણી વિના ગલું સુકાઇ જાય છે, માટે પાણી લાવી આપો !

ચંદન—માહારા વાહાલા પુત્રો ! તમો દાહયા થઇને મારા ઘાએલ થયેલા દીલને વધારે શા માટે દલગીર કરોછો ! જરા આગળતો ચાલો ક્યાંએ પણ પાણી મળસે.

(જાય છે અને પ્રધાન દાખલ થાય છે.)

પ્રધાન—(એકલો) અંરેરે પ્રાણ દાતાર ! ઓ સત્યના સ્તંભ ! અરે માહારાજ ! તમે ગયાને મને સાથે કેમ નહી લઇ ગયા ! ઓ અન્નદાતાર ચંદન ! મેં તમારૂં શું બગાડયું ! હાય ! હાયરે ! હવે તમારો વીછોડો મારાથી કેમ ખમાસે ઓ પ્રાણ ! ધીક્કાર છે કે હજુ સુધી તમો શરીરમાં રહ્યા છો ! અરે ! નીકળી કેમ જતા નથી ! હાયે ! ચંદન ! ચંદન ! ચંદન ! (મુર્છા ખાઇ પડેછે એટલામાં વિદુષક દોડતો આવે છે અને ધાંધલ કરે છે.)

વિદુષક—(ગભરાઇને) અરેરે દોડોરે દોડો ? પ્રધાનજીને એકાએક શુ થયું! અરે હમણા બોલતા હતાને! મરી ગયા કે શું ! (તેનીપાસે બેસેછે અને પ્રધાનને હીલવેછે અને પ્રધાન હોંશીઆર થાય છે.)

પ્રધાન—અરે વીદુષક, તે ક્યાંએ પણ આપણા રાજાને જોયા કે નહિ?

વિદુષક—(ખંખારીને) અરે માહારાજ, હું તો ગામે ગામ ને શેહેરે શેહેરે અને દેશો દેશ, ફરી વળ્યો, પણ ક્યાંએ રાજાનો પત્તો મળ્યો નહી ?

પ્રધાન—વિદુષક, હવે આપણને સત્યવાદી રાજા તે ક્યાં મળસે! માટે હવે આપણે શો ઉપાય કરવો!

વિદુષક—પ્રધાનજી જુવો ઉપાયનો એક છે, તમો કરોતો કહું.

પ્રધાન—વિદુષક! કેહેતો ખરો! શું છે!

વિદુષક—તો સાંભળો. પ્રધાનજી, જો તમોને રાજાનો પત્તો મેળવવો હોય તો, આ સફેદ લુગડાં ઉતારીને ભગવાં લુગડાં પેહેરો, પછી આ તમારા માથા ઉપરનું ચકરડું કાહાડી નાંખો, ઘેર બાહારને આગ લગાડો, બચ્ચાં કચ્ચાં મારી નાંખો, બાઇડીને સોનાપુર મોકલો પછી આપણે ગામે ગામ અને દેશો દેશ અને જંગલે જંગલ ફરીએ તો ક્યાંએ પણ આપણને રાજા મળસે.

પ્રધાન—વીદુષક! બહુ સારૂં ત્યારે તૈયાર થા?

વિદુષક—પ્રધાનજી, મારી ક્યાં ખોટી છે? મારાં તે ક્યાં રડનાર કુટનાર છે, જે છે તે તમારાંજ છે?

પ્રધાન—ત્યારે વીદુષક ચાલ? ખોટી થવું નહી જોઇએ?

વિદુષક—ત્યારે ચાલો? (જાયછે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—બાગ.

(રાજા રામશીંગના બાગની અંદર રાજા ચંદન મલ્યાગરી. સાયેર અને નીરનું આવવું, અને બાગની ઘણી સરસ રચના જોઇ પોતાના પીતા પાસે અંદર જવાની આજ્ઞા માંગવી.)

કવ્વાલી—ગજલ.

(અજબ સનમકી અદાએ દેખી.) એ રાહ.

સાયેર અને નીર — જુવો પીતાજી નજર કરીને, બાગ આ સુંદર બન્યોછે કેવો;
સર્વે જાતનાં ઝાડ છે તેમાં, તરેહ તરેહનો ભર્યોછે મેવા-ટેક.
ચંપા ચંબેલી મોગરો મરવો ગુલાબ આદી છે ફુલ જેમાં;

મન સુગંધીત સીતળ વાયુ વહે છે મનડું હરાય તેવો—જુ૦
જેમાં ફરેથી માહા સુખ થાયે, જાય ટળી પળમાં દુઃખ દેહના;
મુખે કહી નહી સકાય શોભા, ઇંદ્રના નંદન. તેવોના જેવો—જુ૦
હમારા મનમાં છે એવી ઇચ્છા, બે હાથ જોડીને કહીએ છીએ;
એ બાગમાં બન્ને જઈએ ફરવા, પીતાજી હમને રજા જો દેવો-જુ.

ભયેરવી—ગજલ.

(મૈં કુબ તલક ઈસ તરાહ પશેમાન રહુંગી) એ રાહ.

ચંદન—ન જાએ મારા પુત્ર, પરાયા તે બાગમાં;
શું કામ છે ત્યાં આપણું, પરાઇ જાગમાં—ટેક,
કોઇ પકડી કરે કેદ, ત્યારે કરવું પછી શું;
દુઃખ આવી પડે ઉલટું, સુખ ।। તે ભાગમાં—ન જાય.
આવ્યો છે દહાડો ઉલટો, તમે જાણોછોરે વીર;
હાથે કરી પડોકાં, આવી બળતી આગમાં—ન જાય.

સાયેર અને નીર—પીતાજી ! હમેતો એ બાગમાં જઈશું, ને જરા પાણી બાણીનો પીએ. કે જેથી જરા જીવને શાંતીતો થાય !

ચંદન—ભલે જાઓ મારા બાપ પણ કોઇ ફળ ફુલ તોડતા નહી હો !

સાયેર અને નીર—વારૂં પીતાજી જેવી તમારી આજ્ઞા.

(એક ખુણામાં ચંદન અને મલયાગરી બેસે છે, નીર અને સાયેર પાણી પીવાને જાય છે, પાણી પીધા પછી નીચે પડેલાં બે ફળ છે, તે પર નજર પડવાથી તે લઈને ખાય છે, એટલામાં રાજા રામસીંગ અને તેની રાણી પ્રભાવતી બાગમાં ફરવાને આવે છે, બાગમાં ફરે છે અને છોકરાઓ ઉપર નજર પડે છે તે જોઇને રાજા રામસીંગ ઘણો આશ્ચર્ય પામે છે.)

રામશીંગ—અયે સીપાઇઓ પેલા છોકરાઓ કોણ છે? તેઓને મારી પાસે લાવો પણ મારતા નહી હો? ફોસલાવી ને લાવો?

સીપાઇઓ—વારૂ ગરીબ પરવર (ત્યાંથી સીપાઇઓનું જવું અને છોકરાઓને પુછવું) અયે છોકરાઓ? ચાલો? તમને અમારો રાજા બોલાવે છે?

સાયેર અને નીર—(ગભરાઈને) અરે ભાઈ હમારૂં રાજા પાસે શું કામ છે! કહો તો અહીંથી જતા રહીએ?

સીપાઈઓ—ઓ ભાઈ ખુશીથી આવસો તો સારૂં, નહીતો બાંધીને લઇ જઇશું.

સાયેર અને નીર—ચાલો ભાઈ ચાલો! જોવાં હમારાં કીસ્મત!

(રાજા પાસે જાય છે.)

સીપાઈઓ—માહારાજ, લો આ બાળકો આવ્યા.

રામશીંગ—અયે છોકરાઓ, તમો કોણ છો? અને તમે અહીંઆ કેમ આવ્યા છો?

સાયેર અને નીર—(કરગરીને) પીતાજી! હમો બીકારી છઈએ, હમોને તરસ લાગી હતી, તેથી આ બાગમાં આવ્યા, અને પાણી પીધું અને બે ફળ નીચે પડેલાં હતાં તે ઉપાડી લીધાં એજ હમારી તસકીર, એટલા માટે હમોને સીપાઇઓ પકડી લાવ્યા!

રામશીંગ—પુત્રો કાંઇ ફીકર નહી કરસો, લો બીજાં ફળ મંગાવી આપુછું (માળીને કહેછે) માળી? જા? થોડાએક મીઠાં સ્વાદીષ્ટ ફળો તોડી લાવ? (માળી ગયા પછી) અયે બાળકો તમે સત્ય કરી કહો કે તમો કોણના સંતાન છો? તમારાં ચીન્હો બીકારી સરીખાતો કાંઈ જણાતા નથી, તમારી સાથે કોઇ છે કે તમો એકલા છો? અને આ દેશમાં તમારૂં આવવું કેમ થયું?

સાયેર અને નીર—પીતાજી હમો રાજા ચદનના પુત્રો છઇએ, હમારૂં રાજ દુષ્ટ પુંદરીકે લઇ લીધું, અને હમારાં પણ મરણની

તૈયારી હતી, પણ ઈશ્વરની કૃપાથી હમારાં માત પીતા, અને હમો બન્ને ભાઇ મળી ચારે જણાં ભાગ્યાં અને બે ચાર દીવસનાં ભુખ્યાં તરસાં અહીંઆં આવ્યા છઇએ હમોને એવી પણ ખબર નથી કે આ કયો દેશ છે?

રામશીંગ— (આશ્ચર્ય પામી) ભલે આવ્યા મારા પરમસ્નેહી! તમારે માથે આવું દુઃખ! (છાતી સાથે ચાંપીને) ક્યાં છે મારો વાહાલો ભાઇ ચંદન અને સતી મલ્યાગરી!

સાયેર અને નીર—પીતાજી, તેઓ કાંઇ દુર નથી, તેઓ આ બાગની પાસેજ બેઠાં છે.

માળી—લો ગરીબ પરવર, આ ફળ લાવ્યો.

રામશીંગ—પુત્રો? લો? ખુબ પેટ ભરીને ખાવો? (છોકરાઓ ફળ ખાઇ રહ્યા પછી) ચાલો પ્રીયા પ્રભાવતી, સત્યવાદીક ભાઇ ચંદન અને સતી મલ્યાગરીના દરશણ કરીએ, (જાય છે અને ચંદનને જોઇ આશ્ચર્ય પામીને) હો! ભાઇ ચંદન! આ શો ગજબ!

ચંદન—કોણ ભાઈ રામશીંગ! (બંને જણ ભેટેછે)

રામશીંગ—ભાઇ! મેં આપણા પુત્રોને મોઢેથી સર્વ બનેલી વાત સાંભળી તે થકી મારી છાતી ફાટી જાય છે! પણ હોય એ વાત કંઇ આપણા હાથમાં છે, એતો જે સુખ અથવા દુઃખ થવું તેતો દૈવને આધીન છે, થાટે જેવો સમો તેવી ધીરજ રાખો, અને ભાઇ આ રાજ પણ તારુંજ છેની, ચોપદાર? આપણા નગરમાં રાજા ચંદનની આણ ફેરવો કે આજ થકી સર્વે રૈયત રાજા ચંદનના હુકમમાં વર્તે?

ચોપદાર—સારૂં માહારાજ જેવી આપની આજ્ઞા.

રામશીંગ—ચાલો ભાઇ ચાલો; મેહેલમાં જઇ આ ભગવાં વસ્ત્ર ઉતારી નાંખો. (જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો.

કાફિ—ગજલ.

(બાહેર રામા ભીતર રામા,) એ રાહ.

પ્રધાન અને વિદુષક—ક્યાં હવે ગોતીએ રાજાને ભાઇ;
ઈશ્વરે કીધી અંતે જુદાઇ—ટેક.
જોગી થયાંને ભગવાંરે પેહેર્યા;
તજી કુટુંબ સઘલી પ્રભુતાઈ—ક્યાં.
ફેર્યા દેશ અને જંગલે જંગલ;
ફરી ફરી આવ્યા છઇએ અહીં—ક્યાં.
સત્યનો સ્તંભ ધર્મ વર્ત ધારી;
ક્યાં મલસે એવો સુખદાઇ—ક્યાં.

પ્રધાન—વિદુષક! શેહેરે શેહેરે! અને જંગલો જંગલ ફર્યા! પણ ક્યાંએ રાજાનો પત્તો મળ્યો નહી! અરે! ફરતાં ફરતાં તો મારા પગમાં છાલાએ પડ્યાં અને મારાથી તો હવે ચલાતું પણ નથી! માટે શો ઉપાય કરૂં!

વિદુષક—(હસે છે) હા: હા: હા: દુનીયામાં સર્વે કોઇ પોતાનાજ દુ:ખને રડે છે, અરે! તમારા પગમાંતો છાલાજ પડ્યાં પણ મને તો માહ અશાદ રોગ થયો છે?

પ્રધાન—અરે વિદુષક કહે તો ખરો શું રોગ થયો છે?

વિદુષક—જુવો ત્યારે સાંભળો. જો હું દોડું છું તો મને દમ ચડે છે; (હાંફે છે) અને હું ખાઉં છું ત્યારે મારૂં પેટ ફુલે છે, અને હું પાણી પીઉં છું કેની, ત્યારે મારા ગળામાં ગટ ગટ ગટ કરી? અવાજ થાય છે, હવે તમને દુ:ખ મોટું કે મને કહોની વારૂં ને

પ્રધાન—અરે એવું દુ:ખતો તનેજ પરવડે. અરે ! વિદુષક, રાજ ગયું રાજાનો વીછોડો થયો. ઘરબાર, બચ્ચાં. છોકરાં સર્વે મુકીને આપણે અંહીંઆ આવ્યા તોએ તારી ટેવ ન ગઈ કે હજી તું મશકરી કરેછે?
વિદુષક—ખરૂં કેવું એમાં મશકરી શાની ?
પ્રધાન—વિદુષક તારે હવે ચાલવું છે કે બકબક કરવી છે?
વિદુષક—ચાલોની ત્યારે, અહીંઆ કોની ખોટી છે? જે છે તે તમારીજ. (જાય છે અને તરત શનીદેવ આવે છે.)

બેત.

સનીદેવ—રાજભ્રષ્ટ ત્યાંથી કર્યો, મોકલ્યો વન મોઝાર;
અહીં આવી સુખ પામીઓ, તેથી અધિક નીરધાર;
હું અવસો ગ્રહ બેરીઓ, ને જો સુખ પામે રાય;
ત્યારે મારૂં માહતમ શું ? માટે કરૂં કાંઇ ઉપાય.
રામશીંગના પુત્રને અહીંથી ઊંચકી લઊં;
માયાનો બીજો રતનસીંગ કરી સુવાડી દઊં.

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજમેહેલ.

(રતનશીંગ તથા સાયેર તથા નીર સુના છે અને શનીદેવ બીજો રતનશીગ બનાવેલો ત્યાં સુવાડે છે અને ખરા રતનશીંગને ઊંચકી જાય છે, સાયેર ઉઠેછે પછી રતનશીંગને ઉઠાડવા જાય છે, માયાનો રતનશીંગ નહીં ઉઠવાથી પોતાના ભાઇ નીરને ઉઠાડે છે.)

સાયેર—ઉઠ ઉઠ ભાઇ રતનશીંગ ! સહવાર થઇ ! (રતનશીંગ ઉઠતો નથી)ઉઠ ઉઠ ભાઇ ! આવી ઊંઘ તને કેમ આવી છે ! (મરેલો જોઈ નીરને કહેછે) ઓ ભાઇ નીર ! ઉઠ ઉઠ ! જોની રતનશીંમ કેમ બોલતો નથી ! (નીર ઉઠેછે અને જોઈને આશ્ચર્ય પામે છે.)

નીર—ઓ ભાઇ ! જુલમ થયો ! આપણાં કીસ્મત ફુટી ગયાં ! રતનશીંગતો મરણ પામ્યો ! તું અહીંઆ બેસ, હું આપણા માત પીતાને બોલાવી લાવુંછું.

(સાયેર બેસે છે અને નીર જાય છે અને પોતાના માત પીતાને તેડી લાવે છે.)

મલ્યાગરી--શું છે દીકરા સાયેર ?

ચંદન--શું છે ભાઇ ?

સાયેર--માત પીતા જુવોની રતનશીંગ કેમ બોલતો નથી ?

મલ્યાગરી--ઓ પ્રાણનાથ ! રતનશીંગતો મરણ પામ્યો ?

ચંદન—હા ! મારી વાહાલી પ્રીયા ! આપણે માથે મોટું કલંક બેઠું હવે આપણે રામશીંગને શું જવાબ દઇશું ?

ભયેરવી–મુસ્તેજાદ.

(અફસોસ તુજે કબરોંમે યહાં કીસને સુલાયા.)

ચંદન--શું ભાગ્ય જાગ્યું ઉલટું આવું હમારૂં આજ,
વાહેરે ઇશ્વર વાહે, વાહેર ઇશ્વર વાહે,
કર સાહે તું આવી હવે, ગરીબના નવાજ—ટેક.
ઓ બાપ રતનસીંગ તેં હમને દીધો દગો,
હમને દીધો દગો હમને દીધો દગો,
હવે હમારી જગતમાં તે કેમ રેહેશે લાજ—વાહેરે.
આવીને કોઇ પુછસે, તો જવાબ દઇશું શું,
જવાબ દઇશું, શું જવાબ દઇશું શું,
કલકમાં પેઠું હવે, અવળું થયું કાજ—વાહેરે.
તું મરતાં હમે ચારે જણા કેમ ન મુવા.
કેમ ના મુવા કેમ ના મુવા,
આવા કઠણ સમામાં સસ રાખજો માહારાજ—વાહેરે.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રસ્તો.

શનીદેવ—વાહ ! વાહ ! હવે તાલ થાક થયો, હવે રાજા રામશીંગના ગોરનું સ્વરૂપ ધારણ કરી, રાજા રામસીંગ પાસે જાઊં, અને કહું કે તારા છોકરા રતનસીંગને રાજા ચદને મારી નાંખ્યો છે, આવુ કલંક બેસાડ્યાથી રાજા ચંદન જે હાલ સુખ ભોગવે છે તેમાંથી તે બરતરફ થશે. હા ! એ તાલ ઠીક છે. ચાલ જાઊં. (જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—આગલો મેહેલ.

(રાજા રામશીંગ વીચારમાં ઉભો છે ત્યાં શનીદેવ ગોરનું સ્વરૂપ ધારણ કરીને આવે છે.)

બેત.

ગોર—આંધળો થઇને અરે ઓ રાજા શું ઉભો છે તું ?
રતનસીંગને મારી નાંખ્યો ચંદને કહું છું હું.
રામશીંગ—અરે ગોર, શું ઘેલા થયા કે સ્વપનું આવ્યું આજ;
સત્યનો સ્તંભ છે ચંદન તેથી કેમ બને એ કાજ.
ગોર—સત્ય સત્ય છે ઓ રાજા સત્ય કહું છું બોલ;
ખોટું હોય તો માથું આપું એ છે મારો કોલ.
રામશીંગ—કેમ તમોને ખબર પડી કહોતો ખરા લગાર;
બુદ્ધિ તમારી ફરી ગઇ. કે મોત આવ્યું નીરધાર.
ગોર—દેવા આશીરવાદ ગયો તો ચંદનને ત્યાં હું;
દરવાજા તો બંધ હતા, ત્યાં કૌતક એક થયું.
ચીસ સાંભળી તારા પુત્રની મુજને થયો વીચાર;

દરવાજાની ફાટ માંહીથી મેં જોયું નીરધાર.
રતનસીંગના ગળામાં ફાંસો જોઈ હું નાઠો રાય;
ચાલ તું મારી સાથે તુજને દેખાડું હું ત્યાંયે.

પ્રવેશ ૮ મો.

સ્થળ—રાજ મેહેલ.

(ચંદન, મલ્યાગરી, સાયેર અને નીર, તથા માયાનો રતનસીંગ છે, ત્યાં રાજા રામસીંગ તથા ગોર આવેછે અને, ત્યાર પછી પ્રભાવતી આવે છે.)

ગોર—(આંગળી કરી) જો રામસીંગ આ તારો પુત્ર.

રામસીંગ—(આશ્ચર્ય પામી) હા ! હા ! (મુર્છા ખાઈ પડે છે.)

ગોર—ઓ દુષ્ટ ચંદન ! તને ભુંડે હવાલે રાખડનો જોઇ, ને તારા ભાઇ રામસીંગને દયા આવી, ને તને રાજ સોંપ્યું ત્યારે ઓ પાપી ! તે તેના પુત્રનો ઘાત કીધો !

ચંદન—(નીસાસો મુકી) ભાઇ રામસીંગ, ગોર કહે છે તે બધું ખરૂં છે. મારો દિવસ અવળો આવ્યો, અને મને કુબુદ્ધી આવવાથી મેં તારા પુત્રનો ઘાત કર્યો છે. માટે તને ગમે તે મને સીક્ષા:કર!

રામસીંગ—ભાઈ ચંદન, હું મારી પકી ખાતરાથી કહું છું કે એ કામ તારાથી કદી બનેજ નહી.

દોહોરા.

સમુદ્રમાં જાણે તજે, દગી સું મેરૂં જાય;
તોપણ ચંદન તુજથકી કદી એ કામ ન થાય.
કીસ્મત તેનાથી કરી પામ્યો મરણ એ તન,
દોરી તુટી ઉમ્રની, શોક ન કર તું મન.

આ બે મારા પુત્ર છે, સાગેરને વળી નીર;
રતનસીંગ પણ તેજ છે સાંભળ ચંદન ધીર.

સીપાઈઓ—(બાજુપર) અરે રાજાની તો મતી ફરી ગઇ, પુત્રનો વેરી જે ચંદન તેને આવાં મીઠા વચન કહે છે?

૨-સીપાઈ—અરે રાજા તો ભોળો છે, એ ચાર જણાને પકડીને મારી નાંખો !

૩-સીપાઈ—અરે જુવો છો શું, લ્યો આ તરવાર?

૧-સીપાઈ—અરે જલદીથી એના માથાં ઉડાવી નાંખો ! એ પાપીઓના મોડાજોવા લાયક નથી.

૨-સીપાઈ—અરે વખત શું લગાડો છો પકડો જલદી !

ગોર—(રાણી આવે છે તેને કહે છે) જુવો રાણીજી, આ તમારો પુત્ર, આ રાજાચંદને મારી નાંખ્યો.

મલાવંતી—હાય ! હાય ! મારા પુત્ર! (મુર્છા ખાઇ પડે છે પણ થોડા વખત પછી હોંશીઆર થઇ, પોતા ખોલામાં રતનસીંગનું માથું મુકી ગાય છે.)

પરજ—ચોપાઇ.

ઉઠો ઉઠોરે રતનસીંગ વીર તુંને આવું ઘટે નહી ધીર;
પુત્ર ઉઠની બેઠો થાને, આજ દુઃખડાં પડ્યાં તારી માને;
ચંદન આ શું કીધું તેં અધર્મ એવું ઘેડ કરે નહી કર્મ;
મારા પુત્રની કીધી તેં ઘાત,ઓ પાપી આ શો કર્યો ઉતપાત;
ફરતો તો વનમાં તું ભુંડે હાલ,દીધું રાજ અને કીધો ન્યાલ;
તેનો બદલો આપ્યો આજ, તુંને આવી કેમ ન લાજ;
પુત્ર તુજ વીન પ્રાણ આધાર. મારા જીવતરમાં છે ધીઃકાર.

(મુર્છીત થઇ જાય છે.)

રામશીંગ—ભાઇ ચંદન, હમણા સમો બીજો છે માટે થોડા દીવસ ફરી આવો તો ઘણું સારૂં. (મલ્યાગરીને કહે છે) ઓ સતી મલ્યાગરી! મેં તમારૂં અપમાન કર્યું છે માટે મને શ્રાપ આપો! (રાજાચંદન, મલ્યાગરી, સાયેર અને નીર બધા ઉભા થાય છે અને ગાયન ગાય છે.)

રાગ—માંડ.

(તુ આ જા નજર તાલએ દીદાર હું તેરા) એ રાહ.

પ્રણામ છે ભાઈ તને છેવટે પ્રણામ;
જાતુ છું તજી પુત્રને આ જગાએ આમ—ટેક.
પ્રણામ કે જે માતને મુજ તાતને પ્રણામ;
પ્રણામ તખ્ત તાજ ક્ષત્રી જાતને પ્રણામ—પ્રણામ.
લ્યાનત છે જુઠા ગોરને તુજ દેશને તલાક;
તલાક છે આ મેહેલને મુજ વેશને તલાક—પ્રણામ.

બહુન્સ-ગજલ.

(અગર હમને દીલ સનમકું દીયા) એ રાહ.

ચંદન—જઈશું હવેછે આખરીના આપણે પ્રણામ;
પ્રણામ રામશીંગ છે, મુજ પાપને પ્રણામ—ટેક.
પ્રણામ છે પ્રભાવંતી, માતા ઘણા ઘણા;
પ્રણામ ઈશ્વર કોપને, સંતાપને પ્રણામ—જઈશું.
પ્રણામ છે આ નયને, પ્રણામ લોકને;
સોસો ગણા સનીદેવના પ્રતાપને પ્રણામ—જઇશું.

અંક ૩ જો—પ્રવેશ ૧ લો.

સ્થળ—રસ્તો.

સનીદેવ—વાહ! વાહ! આ તાલ ઠીક થયો, હું અવલો ગ્રહ બેઠો

અને રાજા ચંદન સુખ ભોગવે તે મારાથી કેમ દેખી શકાય! હવે રાજા રખડતો થયો, હવે પેલા ગુફામાં રાજા રામશીંગના પુત્રને મુક્યો છે તેને ત્યાંથી ધઈ આવું પછી જોઊ કે શું થાયછે?

પ્રવેશ ૨ જો.

સ્મશાનનું જંગલ.

(રાજા રામશીંગ. દરબારીઓ. શેહરના લોકો રતનસીંગનું મુડદું લઈને આવીને બેઠેલાં છે, અને ખરો રતનસીંગ ગુફામાથી આવે છે, તે જોઇ બધા માણસો બીએછે કે ભુત આવ્યું.)

બધા માણસો--ભુતઃ ભુતઃ ભુતઃ--

બેત.

રામશીંગ—શેમા તારી આશ રહી, પુત્ર તું કેહેની વાત;
જેને કરીને પામીઓ, તું ભુતની જોની તાત,

તારા જીવની ગતી કરી, કેહેને કરૂં આજ;
મારા પુત્રની આ દશા, શું કીધી માહારાજ.

રતનસીંગ—અરે! પિતાજી, તમે ઘેલા થયા કે શું! અરે ભુત કેવું ને વાત શી!

રામશીંગ--અરે પુત્ર તું તો મરી ગયો છે, હમે તને બાળવાને માટે લાવ્યા છીએ, જો! આ હાઠડીમાં તારૂં શબ બાંધેલું છે.

રતનસીંગ—ઓ ઈશ્વર આ શું આશ્ચર્યની વાત! ઓ પીતાજી, મને લઇતો કોણ જાણે કોણ ગયા પણ સવારે ઉઠયો ત્યારે હું એક ગુફામાં પડેલો હતો, અને ત્યાં એક મોટો વીકાળ પુરૂષ આવ્યો, અને મારો પગ પકડીને ફેંક્યો, ને હું અહીં આવીને પડ્યો, મુડદું શું ને વાત શી! લગાર ઠાઠડી છોડીને જુવો તો ખરા?

રામસીંગ—અરે ભાઈઓ આ કેવું કૌતક! ભાઇઓ લગાર ઠાઠડી છોડો આપણે તપાસી જોઇએ. (ડાઠડી છોડે છે અને

તેમાં મુડદુંજ માલમ પડે છે.) ઓ પુત્ર રતનસીંગ ! આ તો-હોમતતો રાજાચંદન ઉપર આવ્યું હતું એટલા માટે મેં તેને શેહેર બાહાર કાડી મુકયો છે.

રતનશીંગ—(ગભરાઈને) ઓ પીતાજી ! આ તમે શું અધર્મ કર્યો ? ઓ પ્રાણુ ! રાજા ચંદન જે સત્યનો સ્તંભ, તેનું જવું સાંભળી હજુ સુધી કેમ રહયા ! ધીઃકાર છે તમોને (એમ કહી મુર્છાગત થઈ જાય છે, અને રાજા ક્રોધયુક્ત થઈ સીપાઈઓને કહે છે.)

રામશીંગ—સીપાઈઓ, એવો જે આપણો જાદુગારો ગોર કે જેને આવું કુકર્મ કીધું તેને બાંધીને લાવો! અને રાજા ચંદનની શોધ કાડો ? જયાં હોય ત્યાંથી વીનંતી કરી પગે હાથે પડીને અહીંઆ લીઆવો ? (સીપાઈઓ જાય છે પણ રાજાચંદનનો કાંઈ પત્તા લાગતો નથી, પણ ગોરને બાંધી લાવે છે.)

ગોર—(બુમો પાડી) ઓ રાજા રામશીંગ, બેગુન્હે મુજ બ્રાહ્મણની ઉપર આવો જુલમ માંડ્યો છે, માટે તારૂં સારૂં કેમ થશે!

રતનસીંગ—(શુદ્ધિમાં આવે છે અને પીતા સાથે વાત કરે છે.) ઓ પીતાજી ! આ શું અધર્મ કરવા માંડ્યો છે? અરે એમાં ગોરનો કશો વાંક નથી. એને છોડી દો ! એ તો અવળા ગ્રહના કામ છે. (ગોરને છોડી દે છે અને સીપાઈઓને પુછે છે) અયે સીપાઈઓ, ચંદન છે કે નથી !

સીપાઈઓ—માહારાજ, અમો દશ કોશ સુધી જોઈ વળ્યા, પણ ક્યાંએ રાજચંદનનો પતો મળ્યો નહી.

પ્રવેશ ૩ જો.

સ્થળ—રસ્તો.

(રાજાચંદન, મલ્યાગરી, સાયેર, નીર, એ ચારેનું આવવું.)

ચંદન—પ્રીયા, તું એવડી શોકાતુર કેમ જણાય છે!

મલ્યાગરી—ઓ પ્રાણનાથ, આપણા લાડકવાયા પુત્રના મુખારવીંદ જોઇ મારી છાતી ફાટી જાય છે, કે જેણે ટાઢ કે તડકો કદી જોગો નથી, તેમનાથી આ વનનાં કઠણ રસ્તામાં તે શી રીતે ચલાસે!

ચંદન—હા! પ્રીયા હા! મારા ચીતને પણ એજ વિચારે રૂંધી લીધું છે. હા! દૈવ, હમે તે તારી શી ચોરી કીધી છે કે અમારે માથે આવું દુઃખ!

સાયેર અને નીર—ઓ મારા વાહાલા માત પીતા તમો આટલા બધા શોકાતુર શા માટે થાવો છો! આફત કાળમાં ધીરજ રાખીએ, અરે. ગાંડા માણસની માફક શું બકો છો, ઈશ્વર ઉપર ભરોસો રાખો!

કાફી—ગરબો.

(કુંવરી કુંવર મારા લાડકા.) એ રાહ.

માત પીતા તમે સાંભળો, જે થવાનું તે થાય;
ધીરજ રાખોની મન વિશે, સાને કરો હાય હાય—ટેક
રોહીદાસનેરે તારામતી, હરીશ્ચંદ્ર જેવો રાય;
શ્રાવણ સવાભાર કારણે, કાશી નગરે વેચાય—માત પીતા.
મોરધજ માથે આવી બની, તે થયો નીર ઉપાય;
કાશી નગરના ચોકમાં, અંગ આરે વેહેરાય—માત પીતા.
સાને માટે અકળાવછો, કરો ભજન સદાય;
ભગત ઓધારણ શ્રુંધરો, કરશે કષ્ટમાં સાહે—માત પીતા.

ચંદન—ઓ મારી આંખોના તારા, મારા દુઃખમાં ભાગ લેનારા પ્રાય પુત્રો, શાબાસ છે, જે આવા કઠણ સમયમાં તમોનેઆવી ધીરજ!

સાયેર અને નીર—પીતાજી, એવી ધીરજ રાખીએ તોજ ઇશ્વર સાહે કરે!

——

(જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—નદીનો દેખાવ.

(નર્મદા નદીના કીનાંરા ઉપર રાજાચંદન, મલ્યાગરી, સાયેર અને નીર એ ચારે જણા આવેછે અને ગડગડાટ, વીજળીના ચમકારા, પાણીના ઉછાળા, તોફાન વગેરે થાયછે.)

ચંદન—ઓ મારી પ્રાણ પ્રીયા, આપણે હવે પેલેપર શી રીતે જવું?

મલ્યાગરી—સ્વામીનાથ, મને ના પુછો, હું તો મારા વીચારમાંને વીચારમાં ગાંડી જેવી બની ગઇછું.

ચંદન—ઓ મારી પ્રીય અર્ધાંગના એવા તે શું વિચારમાં તું પડી ગઈ છે? મને કહેનો ખરી!

ઝીંઝોટી—ભજન.

(ગઇ એક બે એક જો હવા પલક.) એ રાહ.

ઓ પ્રભુ મુજપર એકાએક, આ સીતમ તે શું થયું?
મુજને ખબર પડતી નથી, કારણ નથી જાતું રહયું—ટેક.
શું પાપ પેલેભવ કર્યા, જે આ દશા મારી થઇ;
વનમાં રખડનો હું થયો, વળી રાજ્યપણ મારૂં ગયું—ઓ.
પાણીનો લોટો હાથથી, કોઇ દીન ભરી પીધો નથી;
તો દુઃખ આ વનનું પ્રભુજી, મુજથી કેમ જાસે સહયું—ઓ.
પુર આવ્યું નર્મદાનું પાણી બહુ ઊંચુ ચડયું;
ચારે જણાને પાર પેલે, શી રીતે જાતું રહયું,—ઓ.
કાંઇ ઉપાય કરૂં હવે, થા સાહ્ય ઇશ્વર આજ તું;
તારા વીના આ જગતમાં, કોઇ બીજું મારૂં ન રહ્યું;—ઓ.

ચંદન—પ્રીયા, અહીં બેસ, હું આપણા પુત્રોને મારી ખાંધે બેસાડી, પેલેપાર મુકી આવું છું અને પછી તને લઇ જઇશ.

મલ્યાગરી—વારૂં સ્વામીનાથ, પાછા વેહેલા આવજો ! (છોકરાંને ખાંધે બેસાડીને લઇ જાયછે, અને પેલેપાર મુકી પાછા વલતા અધવચ મચ્છ ગળી જાયછે, ઘણો વાર. થવાથી મલ્યાગરી વિલાપ કરેછે.)

જીલા—ગજલ.

(ઈસ આતશે ઉલફતને હયે ક્યા આગ લગાદી.)એ રાહ.

આ વનમાં મુકી એકલી, મુજને પીયુજી ગયા;
જોતાં તમારી વાટડી, આ દીનતો બે થયા—ટેક.
અબળાની જાત આશરા વીના તે શું કરૂં;
દીન દુઃખના હવે કાડવા, કહો કઇ પેરે રહયાં—આ વનમાં.
મુકાવ્યુ રાજપાટ દૈવ સર્વ સંપદા;
તોયે ધરીને ધીર, એવા જુલ્મ સૌ સહયાં—આ વનમાં.
હું મેહેલથી નીચે, કોઈ દીન નોતી ઉતરી;
તે વનના આ રસ્તા કઠણ, મને વેઠવાં પડયાં—આ વનમાં.
તોયે ન દેખી શકાયું તુજથી, વાહે ઇશ્વર વાહે;
આ દુઃખમાં હમને એક બીજાથી જુદાં કર્યા—આ વનમાં.

(એટલામાં નાયક નરપતીઆ વણજારાનું આવવું અને પોતાનો ચાકર જે તવો તેને કેહેવું.)

વણજારો—ઓ તવા, તવા !

તવો—આવું છું સાહેબ ? (આવેછે) કેમ હેઠ હું કામ છે ?

વણજારો—અરે જરા જોતો ખરો, આ નદીના કીનારા ઉપર કોણ રડે છે !

તવો—નારે હાહેબ હું તો નહી જવાનો, એકતો મધરાત્રી, બીજુ હંધારૂં અને વળી જંગલ.

વણજારો—ઓ મુરખ કહીએ તે કામતો કરતો નથી, ત્યારે તું તે હમારો ચાકર કે શેઠ ?

તવો—હો, હેઠ, હું કાંઈ તમારે ત્યાં મરવાને વાહતે ચાકરી નથી રહેલો?
વણજારો—ઓ મુરખ, જઇને તેને પુછવું તેમાં તે શું બીએછે
તવો—હો હાહેબ, બીજું તમે કહો તે કામ કરૂં?

બેત.

કહોતો કીલ્લો તોડી નાંખુ, પાહાડ ઉપાડી લઊં;
સાગર સુકાવી નાંખુ, ને ઉલટાવી પૃથ્વી દઊં.
મચ્છર માખીને માકડો, ને મારી નાંખું હું;
ચાંચડ જુવો જવાથી, હું તો ના બીઊં.
એવું જે ભારી કામ, તમે કહો તે કરૂં;
પણ આ સમે જોવા નદી કીનારે નહી જઊં.

વણજારો—ઓ મુરખ, તું શું મારી મશ્કરી કરે છે?
તવો—વાહ હાહેબ વા! હું તમારી મહકરી કરૂં છું! ના ખરીવાત કહુંછું, કદી હું ત્યાં જાઊં, ને ત્યાં ભુત યા પ્રેત, યા દાકણી, ય હાંકણી, યા પલીત, યા જીન. યા ચુડેલ, યા દૈત, યા રાક્ષસ હોય અને મને પકડીને મારી નાંખે તેમાં તમારૂં શું જાય? હું જાઊં તો મારા જીવનો જોઊં? તમારી વાતતો જુદી? હું તો મારી બાયડીનો એખલો, માટે હું તો જવાનો નથી.
વણજારો—(દમભરાવીને) ઓ બેલ તું શું મને ભોટબોટ જાણે છે, કે! ચાલ નીકલ અહીંથી?
તવો—લો તમારી લાકડી, ને નહી જોઈએ મને તમારી ચાકરી, આ ચાલ્યો. (તવાનું ચાલી જવું અને વણજારાનું દોડીને પકડવું.)
વણજારો—ઓ ગાંડા ચાલ્યો ક્યાં? હું તારી સાથે આવુંછું.
તવો—હેં! તો ચાલો હાબ આગળ, આગળ, હું પાછળ પાછળ આવું છું.

મલ્યાગરી—આ વનમાં મુકી એકલી મુજને પીયુજી ગયા;
જોતાં તમારી વાટડી આ દીનતો બે થયા—ટેક.
(બંનેનું ત્યાં જવું, અને મલ્યાગરીને રડતી જોઈ પુછવું.)

બેહાગ—ગજલ.

(પહેલુમે ઝેરી નાગકુ હયે જાનકે પાલા.) એ રાહ.

તું કોણ છે મુજને કહેની સાચે સાચી વાત;
નહીતો આ તરવારથી, થઈ જાસે તારી ઘાત—ટેક.
તું ભુત છો કે પ્રેતછો, એણુ યા દાકણી;
શું કામે આવીછો આ વનમાં? આ સમે મધરાત—તું.
શું દુઃખ છે જે આ સમે ? રડવાને બેઠી તું;
છો એખલી તન આ ફક્તને, વળી તું અબલાજાત—તું.
શું નામ તારૂં ગામ કયું, તું જાતની છે કોણ ?
મુકી શરમ કેહેની ગને, ભાંગે મારી ભ્રાંત—તું.
મનમાં તું તારા લાવતી, નહીં વેહેમ યા જરા;
તું તો છો બેહેન માહેરી, જાણુ મુજને ભ્રાંત તાત—તું.

બરવા—ઠુમરી.

(હમકુ છાંડ ચલે બન માધુ.) એ રાહ.

મલ્યાગરી—શુંરે કહું મારા દુઃખડાની વાતો,
તુટીરે પડે આસમાન હો ભાઈ—ટેક.
ભુત નથી ને પ્રેત નથી હું,
દાકીણી શાકીણી નહી કોઈ આંહી;
દુઃખની મારી વીજોગણ છઉં હું,
બીતો નહી મનમાં તું કાંઈ—શુંરે.
ચંદનાવતી નામે છે નગરી,
રાજા ચંદનની જે નવાઈ;
હું રાણીછું તેની ભાઈ,

ખોટું નથી કેહેતી એક રાઈ--શું રે.
મલ્યાગરી છે નામ તે મારૂં,
સાયેર નીર બે પુત્ર સવાઇ;
રાજ ગયું ને વનમાં નીકળ્યાં,
જો જો કીરમતનીરે ખુરાઇ--શું રે.
ફરતાં ફરતાં અહીં આવીઆ,
પુર ચડયું તું આ નદી માંહી;
તેમાં તણાયા ત્રણે પ્યારા,
કરી નાંખી દૈવેતો જુદાઈ--શું રે.

દોહોરા.

વણજારો--ઓ બાઇ કેહેની મને, બાહાર કેમ રહી તું;
એ ત્રણ જળમાં વહયાં, તેનું કારણ શું.

મલ્યાગરી--(રડતા રડતા)તુજ આગળ સર્વે હવે સત્ય કહુંછું વાત;
આવ્યા આ નદી ઉપરે, હમે ચારે જણાતાત.
પુર નદીનું જોઇને, મુખથી બોલ્યા રાય;
નદીપાર જવા તણો, સાંભળ પ્રીયા ઉપાય.
ખાંધે બેસાડી પુત્રને મુકી આવું પેલે પાર;
પછી તુંને લઈ જાવું હું એ છે મારો વીચાર.
મેં કહયું સ્વામી ઠીક છે, હું બેઠી છું આંહે;
આવો જલદી મુકીને, રોકાતા નહી કયાંહે.
હા કહીને મુજને ગયા, દીન થયા બે આજ;
હું અબળા ઇહાં એકલી, રેહેશે કેમ હવે લાજ.

વણજારો--બેન તું ચીંતા મુકી દે, મારી સાથે ચાલ;
ખા પી પ્રભુનું ભજન કર, થાસે સાહે દયાલ.
જો જીવતા નીકળ્યા હશેતો, મળસે કોઇ દીન;
એ નહી આપણા હાથમાં, વાત એ દૈવ આધીન.

મલ્યાગરી—(રડતા)

બનવાનું હતું તે બન્યું, ચાલ આવું છું ભાઈ,

વણજારો—ભાગ્ય હમારા જાગ્યાં, ચાલો પધારો બાઇ. (જોય છે)

(મચ્છી મારો વાહાણુ લઈ આવે છે અને જાળ નાંખે છે તેમાં એક મોટું જબરજસ્ત મચ્છ આવે છે તેને લઇને કીનારે આવે છે, મચ્છને ચીરવું અને રાજા ચંદનનું માંહીથી નીકળવું, અને મચ્છી મારોનું ગભરાવું.)

સોરઠ—ઠુમરી.

(રાજ મને નીકા લાગે થારો દેશ.) એ રાહ.

મચ્છીમાર—કેહેની ઓ ભાઇ મને કોણુ છો તું.

ગામ કયું ને નામ શું તારૂં ? સત્ય કહે સાંભળું હું–ટેક.
તેજસ્વી તું છો મોટો, આતે ગતિ તારી શું–કેહેની.
શું કારણુ એવું આવી બન્યું જે, જળમાં પડવું થયું–કેહેની.
આ મચ્છે તો ગળ્યો હતો, તુજને હું સાચું કહું છું–કેહેની.

કાલીંગડા—ગજલ.

(ફીરાતા હએ હમે કાંકા.) એ રાહ.

ચંદન—ઓ મારા પ્રાણુ દાતા, કહું શું વાત હું મારી;
જો સાંભલસો તમે મારી વાત, નહી રહે છાતી સ્થીર તારી–ટેક.
નગર ચંદનાવતી નામે, ત્યાંનો રાજા ચંદન હું,
ગયું જ્યારે રાજ નીકળ્યો બહાર, લઇ બે પુત્રને નારી–ઓ મારા.
મહા દુઃખ વેઠતાં ફરતાં, આવ્યા નર્મદાને તીર;
ગતી માહા દૈવની ઘેરી, ચઢયું તું પુર ત્યાં ભારી–ઓ મારા.
બેસાડી ઈઆને મેં ત્યાં લીધા બે પુત્રને ખાંધે,
મુકીને તીર પેલેપાર, ડુબ્યો હું મધ્યાવારી–ઓ મારા.

રંભા ક્યાં પુત્રને ક્યાં નાર હું ક્યાં ઉદ્રમાં મચ્છના;

કરૂં શું હું હવે ક્યાં જાઊં, મને ક્યાં પુત્રને પ્યારી—ઓ મારા મચ્છીમારો—ઓ રાજા! જે બનવાનું હતું તે બન્યું હવે ખેદ કર્યાથી શું થાય? અને એવું નિશ્ચય જાણજે કે તું જ્યારે આવી આફતમાંથી બચ્યો ત્યારે તારી સ્ત્રી તથા પુત્ર પણ કુશળ હસે, ને કોઇ દીવસ પણ તને મળસે, માટે ચાલ હમારે ઘેર. ખા, પી પ્રભુનું ભજન કર.

ચંદન—વારૂં બહુ સારૂં ચાલો ભાઈ ત્યારે! (મચ્છીમાર સાથે જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રસ્તો.

(શનીનું આવવું અને ભાષણ કરવું.)

સનીદેવ—બધું કામ તો ઠીક થયું, રાજાચંદનનું રાજ પણ ગયું મલ્યાગરી વણજારા સાથે ગઇ, અને રાજા ચંદન જે નીચમાં નીચ મચ્છીમાર તેને ઘેર ગયો પણ હજી એક કામ બાકી રહી ગયું છે, કે જ્યાં સુધી બન્ને ભાઈઓ છુટા પડે નહી ત્યાં સુધી એમના ઉપર પુરૂ દુઃખ પડયું કેહેવાય નહીં; માટે કાંઇ પણ તજવીજ કરી બન્ને ભાઇઓને છુટા પાડું તોજ મને શાંતી થાય.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—જંગલ.

(નીર અને સાયેરનું આવીને ગાયન ગાવું, અને નીરને તરસ લાગવાથી ભાઈની પાસે પાણી માંગવું, સાયેરે તેને બેસા-

ડીને પાણી લેવા જવું, નીરનું સુઇ જવું. સનીદેવનું આવવું. સર્પને બોલાવીને નીરને દંસવાનું કેહેવું, સર્પે નીરને દંસ દેવો, નીરનું મરણ પામવું. સાયેરનું પાણી લઈને આવવું. ભાઇને મરણ પામેલો જોઇ રૂદન કરવું. ને ત્યાંથી ઉઠીને શેહરમાં જઇ અગ્નિ સંસ્કારનો સામન લેવાને જવું.)

પીલુ—ઠુમરી.

(કભુ હોતે ખુશી, કભુ હોતે ખફા.) એ રાહ.

સાયેર અને નીર—ઓ ઈશ્વર તેં આ શું કર્યું,
હમો બન્ને જણા જઇએ તે ક્યાં—ટેક.
રાજ ગયુંને થયા રખડતાં,
મા બાપથી વળી જુદાં કર્યાં—હમો બન્ને.
નથી જોયો હમે ટાઢકે તડકો,
આ દુઃખ અમથી કેમ જાસે સહયાં—હમો બન્ને.
અયે દૈવ આવો સમો તેં દેખાડયો,
એવાં તે પાપ અમથી શું થયાં?—હમો બન્ને.

જોગીયા—આસાવરી.

(લેલી લેલી પોકારૂં મેં બનમે.) એ રાહ.

સાયેર અને નીર—કર્યો આશો ગજબ હમ ઉપર, અરે ઇશ્વર ઇશ્વર ઇશ્વર;
રાજસુખ મુકાવ્યું હમારૂં હમે શું રે બગાડયું તારૂં;
લાવની તું દયા દીલ અંદર, અરે ઇશ્વર ઈશ્વર ઈશ્વર.
આ ભયંકર જંગલ છે ભારી, નથી સુજતો રસ્તો મોરારી;
ફરી આવી કેમ તારી નજર, અરે ઈશ્વર ઇશ્વર ઇશ્વર.
સર્પસીંગ ફરેછે બહુ આંહીં, કાંટા ભોકાય છે પગ માંહી;
દેહ ધ્રુજે હમારી તો થરથર, અરે ઇશ્વર ઇશ્વર ઇશ્વર.

અરજ સાંભળી દાસ તારાની, દયા લાવીને કર મેહેરબાની;
પ્રભુ સાહે તું આવી હવે કર, અરે ઇશ્વર ઈશ્વર ઇશ્વર.

કાલીંગડા—ઠુમરી.

(મોરી અંખીઆ ફરકન લાગી.) એ રાહ.

નીર—લાગી છે તરસ ભાઇ પાણી પા,
લગાડમાં તું વખ્ત જરા—ટેક.
કંઠ સુકાયે જીવડો જાયે,
માટે તું કાં ખોટી થા—લાગી છે,
જો નહી હમણા પાણી મળે તો,
પ્રાણ જશે તું જલદી જા-લાગીછે,
આંહીં નથી કોઇ આપણુ બીજું,
તુંજ માતને તુંજ પીતા—લાગી છે.
પાણી લઈને જલદી આવજે,
દોડ ભાઇ તું વેહેલો થા—લાગીછે.

નીર—ઓ ભાઇ સાયેર મને ઘણીજ તરસ લાગી છે! જો જરાવારમાં પાણી નહી મળે તો મારો પ્રાણ જસે! માટે જલદી પાણી પા!

સાયેર—ઓ મારા પ્રીય બંધુ! આટલામાંતો કાંએ પાણી દેખાતું નથી, માટે આ ઝાડને છાંયડે બેસ, હું ગમે તેમ કરી હમણા પાણી લાવું છું.

નીર—વારૂ ભાઇ! જલદી જા, પાણી લાવ, હું અહીંઆ બેઠોછું.

(સાયેર પાણી લેવા જાય છે અને નીર સુઈ જાય છે સનીદેવ સર્પને બોલાવે છે અને સર્પ ખુશ મીજાજથી નાચી તેને દંસ દે છે, નીર મરણ પામે છે અને એટલામાં સાયેર પાણી લઈને આવે છે.)

સાયેર—ઓ ભાઇ ! ઉઠ ઉઠ ! લે આ પાણી પી ! (તે નહી ઉઠ-વાથી સાયેરે તપાસ કરવી અને સર્પનો દંસ નજરે પડવો.) અરે ! હાય ! હાય ! આ તો સર્પના દંસથી મરણ પામ્યો હવે હું શું કરૂં ?

(સિતાજીના મહિનાની રાહ.)

ભાઈ ઉઠની બેઠો થાને, લઇ આવ્યો પાણી હું;
મારા વાહાલા દેની જવાબ, સુતો સોડ તાણી શું—ટેક.
પરૂઆ વિખુટાં માને બાપ, સુખ સર્વે ગયું;
આવા કઠણ સમામાં આજ, દગો મને દે છે તું—ભાઈ ઉઠ.
આવી ઊંધ ન કરીએ વીર, આગળ કામ છે ઘણું;
આ રન વગડામાં આહીં, કોઇ નથી આપણું—ભાઈ ઉઠ.
જાગ જાગની જમણી બાંહે, હવે હું તે શું કરૂં !
તુંને ઘટે નહી જાવું વીર, મને મુકી એખલું—ભાઇ ઉઠ.

સાયેર—ઓ નીર ! નીર ! અરે ઉઠ મારા બાપ ! મા બાપ પુછસેતો હું શું જવાબ દઇશ ! હા દૈવ તેં આ શું કર્યું ! (મુર્છા ખાઈ પડી જવું, પાછું શુદ્ધીમાં આવીને કેહેવું) હવે ભાઇને અગ્નિદાહ આપવો, અને મારી પાસે એક પઇસો પણ નથી હવે હું શું કરૂં ! (એકાએક હાથની પોંચી નજરે પડવાથી તે જોઈને બો-લવું) વારે દૈવ તે આ સમામાં મારી પાસે આ પોંચી રેહેવા દીધી છે, ગેબ તારી કૃપા ! ચાલ, હવે જાઊં કફન લાવી ભાઇની ગતી કરૂં ! હા ! (જાય છે.)

(ગુરૂડ પક્ષીનું આવવું, નીરનું ઝેર ચુસી લેવું. અને નીરનું હોંશીઆર થઇને બેઠું થવું)

ગરૂડપક્ષી—અએ પુત્ર તું કોણ છે ? અને અહીંઆ કેમ આવ્યો

છે ? તુંને તો સર્પે દંસ દીધો હતો, તે મેં ઝેર ચુસી લીધું, ત્યારે તું બેઠો થયો.

નીર—ઓ પશુઓનાં રાજા ? હું રાજા ચંદનનો પુત્ર છું, અને દુઃખનો માર્યો અહીંઆ આવ્યો છું.

ગરૂડપક્ષી—અએ નીર આ મારી ચરક લે, કોઈ કુષ્ટી, યા પતી અલને શરીરે લગાડસે તો સારૂં થશે ? બીજું આ ઝાડના પોલમાં અજંન છે તે લે ? અંધનીની આંખે લગાડસેતો તે દેખતે થસે, હવે હું જાઊં છું.

નીર—વારૂં, ગુરૂડજી જાવો, રામરામ છે હું તમારો ઉપકાર જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણુ છે. ત્યાંસુધી ભુલનાર નથી. (ગુરૂડનું જવું નીરનું વીચારમાં પડવું અને ગમગીનીથી ગાએન કરવું.)

જીલા-બરહુન્સ-ગજલ.

(ખબર લે અયે મસીહા તુ કંહા હયે.) એ રાહ,

નીર—અરે ઇશ્વર હવે જાવું ક્યાં હું;
જોઊં મુખડાં તે ક્યાં પ્યારાઓના હું—ટેક.
વિખુટો વાહાલાઓથી, કીધો મુજને;
એવા એં પાપ પેલે ભવ કર્યાં શું—અરે ઈશ્વર.
નથી મળતો મને રસ્તો પ્રભુજી;
હવે જઇ કોને પુછું ક્યાં પ્યાંરા હું—અરે ઈશ્વર.

(ત્યાં સનીદેવનું આવવું અને નીરને કેહેવું.)

સનીદેવ—અયે છોકરા તું કોણુ છે ? અને માહા અફસોસમાં કેમ પડ્યો છે ?

નીર—ઓ માહારાજ હું દુઃખનો માર્યો વનમાં આવ્યો છું, મારી સાથે મારો મોટો ભાઇ હતો તે પ્રભુ જાણે ક્યાં ગયો, હવે તેને હું ક્યાં ગોતું અને ક્યાં જાઊં !

સનીદેવ—અરે હા હા, મેં આ રસ્તે જતા એક છોકરાને જોયો તે તારા જેવોજ હતો, અને તે રડતો રડતો જતો હતો, તું આ રસ્તે જા તે તને મળસે.

નીર—વારૂ ભાઈ નમસ્કાર છે હું જાઊં છું, (જાય છે.)

સનીદેવ—હવેતો ઠીક તાલ થયો, કામતો સતર આના થયું.

(સનીદેવ ગયા પછી સાયેર આવે છે અને બોલે છે.)

સાયેર—ઓહો! આતે શું આશ્ચર્યની વાત! મુડદું પણ પ્રભુ જાણે ક્યાં ગયું! વાહ દૈવ વાહે! (ગમગીનીથી રૂદન કરે છે.)

આસાવરી—ગજલ.

(પડ્યો છું વીખુટો પ્રીયા વીયોગથી તારા.) એ રાહ.

મુજને મુકીને એકલું નોતું જવું પ્યારા;
તનડું બળે છે માહેરૂં વીજોગમાં તારા—ટેક.
ક્યાં જાઊંને શું કરૂં કંઈ સુજતું નથી;
આવી દુ:ખમાં કરની સાહે, વાહાલા ભાઈ તું મારા—મુજને.
રાજ પણ ખોયું પડ્યા, મા બાપથી જુદા;
એવી આગમાં બળતા ઉપર, મુકયાં તેં અંગારા—મુજને
તારા પેહેલાં મારૂં મૃત્યુ કેમ ન આવ્યું;
છાતીમાં સમાતા નથી, આ વ્રેહેના ભારા—મુજને.
આ કઠણ સમામાં તુજને ન ઘટે જાવું;
અરે પ્રભુ ક્યારે આવસે, આ દુ:ખ તણા આરા—મુજને.

સાયેર—વાહ દૈવ? તારી અપાર લીલા છે, હવે વાણીઆને ત્યાં જઈને પેલી પોંચીતો લઊં, અને સામાન તેનો સ્વાધીન કરૂં (જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—ઘર.

(સાયેર વાણીઆને ત્યાં આવે છે અને વાત કરે છે)

સાયેર—ઓહો શેઠ મુડદું પણ કોણ જાણે કોઇ જનાવર ખાઇ ગયા કે ઇશ્વર જાણે કયાં ગયું ! તે માટે લો આ તમારો માલ અને મારી પોંચી આપો.

વાણીઓ—હોય ભાઇ હસે, જે બનવાનું હોય તે હર બાને બને છે તેમાં કાંઈ આપણો ઉપાય છે ! હવે રસોઇ તૈયાર છે માટે પ્રસાદ લે, અને રાત્રી અહીંઆ રહી સવારે જજે.

(સાયેરે તેની વાત માની ત્યાં રેહેવું, મધ્ય રાત્રીએ વણીકે ચોર ચોર કરી બુમ પાડવી ત્યા સીપાઈઓનું આવવું અને સાયેરને પકડીને બાંધવો, જમાદારે એક સીપાઇને રાજાને ત્યાં મોકલવો સીપાઈનું જવાબ લઇને પાછું આવવું અને જમાદારને કેહેવું.)

વાણીઓ—ચોર ! ચોર ! ચોર !

સીપાઈઓ—ક્યાં છે ચોર ? (વાણીઓ આંગળી કરી બતાવે છે અને સીપાઇઓ તેને પકડે છે.)

સાયેર—ભાઇઓ, મેં કાંઇ ચોરી કરી નથી અને એ વિશે હું કાંઇ જાણતો નથી !

જમાદાર—ચોરી ન કરી તો શાવકારે શું અમથી બુમ પાડી હશે નહીં ? (સીપાઇને પુછેછે) કેમ સીપાઇ રાજાપાસેથી શું હુકમ લાવ્યો ?

સીપાઈ—જમાદાર સાહેબ, રાજાએ કીધું છે કે એને ફાંસીએ લટકાવીદો.

જમાદાર--અયે સીપાઇ, જા પેલા ફાંસી આપવા વાલા ઢેડને તેડી લાવ ?

(સીપાઇ જાયછે અને ઢેડને તેડી લાવે છે.)

ઢેડ--ઓ ગરીબ પરવર, મા બાપ તમારા ઢેડા આવ્યા છે, હવે હું હુકમ દીયો ?

જમાદાર--અયે ઢેડ આ ચોરને ફાંસી આપ ? એને વાણીઆને ત્યાં ચોરી કરી છે.

ઢેડ--વારૂં હાહેબ બહુ હારૂં, જાઊં છું. (જાયછે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—જંગલ.

ફાંસીનો દેખાવ.

(ઢેડે સાયેરને ફાંસી પાસે લઈ જવો ત્યાં સાયેરે ગમનગીનીથી ગાયન કરવું.)

બ્રાહુન્સ-ગજલ.

(હાય કયા બાતેં હે, પ્યારે એ સુનાયા તુને.) એ રાહ.

સાયેર--વાહે પ્રભુજી ગમી વાત આ કેવી તુંને;
દાસ તારાની જોઇએ સારતો લેવી તુંને--ટેક.
મુકાવ્યું રાજ સર્વે, સ્નેહીથી જુદો કર્યો;
આવી શું ધ્યાનમાં, તકસીર તે એવી તુંને--વાહે.
એકતો માલ ગયો, વળી હું ચોર ઠર્યો;
બેગુન્હે ન ઘટે આ ફાંસીતો દેવી તુંને--વાહે.
મારા દુ:ખમાંતો હવે નથી રહ્યું કાંઇ બાકી;
બીહીતો નથી હું સજા દે ગમે તેવી તુંને--વાહે.

(ઢેડ તેના ગળામાં ફાંસો નાંખેછે તેટલામાં જેદેવશા વાણીઓ આવેછે તેને અટકાવેછે,

જેદેવશા—અયે રખેસરો, ખબરદાર ? શા માટે આ ગરીબને ફાંસી આપોછો !

ઢેડ—હાહેબ, એક વાણીઆને ઘેર એને ચોરી કીધી, માટે ફાંહી આપીએ છીએ માબાપ.

જેદેવશા—અરે એને જો મુકી દેવોતો, હું મારા વાહાણમાં બેસાડી, બીજે દેશ તેને લઇ જાઊં,

ઢેડ—વારૂ હાહેબ, લઇ જાવોતો ઘણું સારૂં હમે પણ હત્યામાંથી છુટીએ. (ઢેડે છોડી દેવો અને જેદેવશાએ સાથે લઇને જવું.)

અંક ૪ થો—પ્રવેશ ૧ લો.

સ્થળ—રસ્તો.

શનીદેવ—ઓહો ? રાજચંદન ઉપર દુઃખતો બહુ પડયું કયાં રાજ અને કયાં જંગલમાં રખડવું. મલ્યાગરીનું વણજારા સાથે જવું રાજા ચંદનનું મચ્છી મારને ઘેર રેહેવું નીરને સર્પ દંસવો સાયેર પર દુઃખનોતો કાંઇ પારજ નહી, હવે એનાં સાત વર્ષ પુરાં થવા આવ્યાં માટે પ્રથમ જેતું સુખ હતું તેના કરતાં સોગણું સુખ હું આપું તોજ હું શનીદેવ ખરો ? માટે ચાલ હવે ત્યાં જાઊંશું. (જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—દરબાર.

(જેદેવશાની સાથે સાયેરનું અચલાક પુરીમાં ઢાકલશીંગ રાજાની દરબારમાં જવું ને નમસ્કાર કરી બેસવું.)

ઢાકલશીંગ—ઓહો જેદેવશા ભલે આવ્યા કેમ સારી પેઠેતો છોના?

જેદેવશા—હા સાહેબ તમારી કૃપા છે, તો હમે સદાએ ખેમ ખુશલ છઇએ, પણ સાહેબ તમારે ત્યાં રાજાઓ કેમ ભેળા થયા છે?

ઢોકલસીંગ—અયે જેદેવશા, મેં એવું પન લીધું છે કે, આ મારો ઘોડો છે, તેની ઉપર કોઇથી બેસાતુ નથી. માટે જો એ ઘોડા ઉપર કોઇ બેસીને ફેરવેતો, તેને હું મારી પુંત્રી પરણાવું, તે માટે આ રાજાઓને ભેળા કર્યા છે પણ કોઇથી આ ઘોડો ચાલી શકતે નથી, માટે મને મોટી દલગીરી ઉત્પન્ન થાય છે.

(તે સાંભળી સાયેરે ઉભું થવું અને બે હાથ જોડીને બોલવું)

સાયેર—ઓ ગરીબ પરવર, તમારો હુકમ હોયતો હું ઘોડો ચલાવું.

ઢોકલસીંગ—બહુ સારૂં, ચલાવેતો તુંને મારી પુત્રી પરણાવું, અને મારૂં પણ સત રહે.

જેદેવશા—અરે હવે બેશ બેશ, એ ઘોડો તેં ચલાવ્યો? ફાંસી પરથી તો છોડવ્યો, તે શું ભુલી ગયો? હાથે કરીને મોત શા સારૂ માંગે છે?

ઢોકલશીંગ—અએ જેદેવશા, ના શા સારૂ કહોછો, ભલેને એ ઘોડે બેસે, એના ભાગ્યનો ઉદય થયો હશે તો, અને મારૂં પણ સત્ય રહેનાર હશેતો ઇશ્વર એની લાજ રાખસે, તેમાં તમારૂં શું જાય છે, (સાયેરને કહે છે) બેસ, ઘોડે બેસ, છોકરા?

(સાયેરે ઘોડો ચલાવવો વાણીઆનું આશ્ચર્ય થવું, રાજાએ પોતાની પુત્રીને સાયેર સાથે બ્રાહ્મણને બોલાવીને પરણાવવી.)

જેદેવશા—ભાઈ સાયેર હું તો જઇશ આપણે દેશ, તારો શું વિચાર છે?

સાયેર—તારેતો શેઠ હું તમારી સાથે આવીસ. (રાજાને કહે છે) પીતાજી? હમને આજ્ઞા આપો હવે હમે હમારે દેશ જઈશું.

ઢોકલશીંગ—ઓ પુત્ર સાયેર, જવાએ નહી, આહીં રહો આ રાજ પણ તારૂં જ છે કેની.

સાયેર—ના પીતાજી, હું તો જેદેવશા સાથે આવ્યો છું, માટે હું તો એમની સાથેજ જઇશ, મને રજા આપો.

ઢોકલશીંગ—ઓ જેદેવશા, થોડા દીવસતો અહીં રહો, ઉતાવળા શું થયા છો?

જેદેવશા—નારે સાહેબ, હમારાંથી રેહેવાય નહી, વાહાણમાં માલ છે તે બગડી જાય.

(રાજા સાયેરને ઘણી દોલત તથા પોતાની પુત્રીને એક દાસી સાથે આપી વદાએ કરે છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રસ્તો

(નીરનું નરપતપુરમાં જતું ત્યાં ઘણાએક માણુસો ભેળા થયાં છે તે જોઇને પુછવું.)

નીર—ઓ ભાઇઓ આ ગામનું નામ શું છે? અને આ સરવે માણુસો કેમ ટોળે મળ્યા છો?

માણસો—ઓ ભાઇ, નરપતપુર આ નગ્રનું નામ છે, સુખદેવ અહીંઆનો રાજા છે, તે અંગે કુષ્ટી અને આંખે આંધળો છે. તેને એવું પન લીધું છે કે આજ સુર્યાસ્ત થતાં સુધી, મારા દરદને સારૂં કરનાર ન મળ્યો તો હું અગ્નિ સ્મરપણ લઇશ, માટે અહીંઆ સર્વે માણુસો મળી વિચાર કરે છે હવે શું થશે?

નીર—અરે ભાઇઓ, એ દરદનું ઔષદ તો હું જાણું છું, માટે મને રાજા પાસે લઈ ચાલો, હું તેનું દરદ સારૂં કરીશ. (જાય છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—દરબાર.

(માણુસો નીરને લાવે છે.)

માણસો—ઓ ગરીબ પરવર આ કોઇ પરદેશી વઇદ આવ્યો છે ને તે એમ કહે છે કે તમારૂં દરદ હું સારૂં કરીસ, માટે એને હમો અહીંઆ લઇ આવ્યા છીએ માહારાજ.

સુખદેવ—અયે વઈદ, જો તું મારૂં દરદ મટાડશે તો હું તને વચન આપું છું કે મારી પુત્રની સાથે લગન કરી આપું, અને મારૂ અડધું રાજ તને આપું એવું મારૂં વચન છે.

નીર—માહારાજ ઘણું સારૂં, આપો વચન.

(વચન આપે છે, નીર દવા કાડી સમાડે છે અને રાજાને સારૂં થાય છે.)

સુખદેવ—હા ! વારે દૈવ ! તારી ગતીનો કંઇ પારજ નથી, આજે તેં મને નવો જનમ આપ્યો છે (નીરને જોઇ) પુત્ર તું કોણુ છે, અને તારૂં નામ શું ?

નીર—હું રાજા ચંદનનો પુત્ર છું, અને મારૂં નામ નીર છે, દુષ્ટ પુંદરીકે અમારૂં રાજ લઇ લેવાથી મારા માત પીતા, મારો મોટો ભાઇ, અને હું, જારે જણુા જીવ બચાવીને નાહાઠા, ત્યારથી હમો છુટા પડ્યા છીએ.

(રાજા બ્રાહમણને બોલાવે છે અને નીરનાં લગન થાય છે, અને રાજ્યાભિષેક કરે છે.)

સુખદેવ—ચોપદાર આજથકી આપણા નગરમાં રાજા નીરની આણ ફેરવો કે સરવે રૈયત રાજા નીરના હુકમમાં વર્તે ?

પ્રવેશ ૫ મો.

સ્થળ–રસ્તો.

(સાયેરનું નરપતપુરમાં આવવું, સીપાઇઓએ ઓળખવો, સાયેરને પકડી રાજા નીરની દરબારમાં લઇ જવો.)

સાયેર—ઓ ભાઇઓ મને શા માટે પકડો છો ?

સીપાઈઓ—વાહ ! ચોર થઇને તું શાવકારીની વાતોતો બહુ સારી કરે છે, તને ફાંસી દેવા માટે મોકલ્યો હતો તે તુંજ કે બીજો કોઇ ? માટે તને તો પાછી શીક્ષાજ થશે, પણુ જો કે જે દેડાએ તને છોડા મુક્યો છે તેની શું ગતી થાય છે ? (પકડીને લઈ છે.)

પ્રવેશ ૬ ઠો.

નરપતપુરની દરબાર.

(નીર રાજ ચલાવે છે અને સીપાઇઓ સાયેરને પકડી લીઆવે છે.)

પરજ-ચોપાઇ.

સીપાઇઓ—રાજા સાહેબ આ તસ્કર, જેને ફોડયું તુ વણીકનું ઘર;
ત્યાં એ જયારે થયો તો છતો, ત્યારે ફાંસી દેવા મોકલ્યો હતો;
લાલચ લીધી ત્યાં ઠેડે સહી, તેને ફાંસી દીધી નહી,
આજે પાછો નજરે પડયો, મેં લાવીને ઉભો કર્યો;
ગમે તે એને સીક્ષા દીઓ, પગાર વધારવા મારો કહ્યો.

(બન્ને ભાઈની એક નજર થવી અને નીરે સાયેરને ઓળખવો અને તેને પુછવું.

નીર—કોણ ! મારો વાહાલો ભાઈ સાયેર તો નહી ! (તખત ઉપરથી ઉઠે છે.)

સાયેર—કોણ ! વાહાલો મારો ભાઈ નીર ! (બન્નેજણા અરસપરસ ભેટે છે.)

નીર—ખજાનચી મારા ભાઈને અમુલ્ય સરપાવ આપો ?

(સાયેર પોશાક પેહરી ગાદી ઉપર આવી બેસે છે.)

સાયેર—મારા પ્રિય બંધુ ! મેંતો તને ઝાડની નીચે મરેલો મુકયો હતો ! ત્યાર પછી શું થયું કે આજ મારા મરી ગયેલા દાલને ઇશ્વરે એકાએક જીવતું કર્યું !

નીર—ભાઇ મને ગરૂડ પક્ષીએ બચાવ્યો, અને તેની કૃપાથી આ રાજ પણ હું પામ્યો, પણ તારી આ શું દશા થઇ !

પરજ-ચોપાઇ.

સાયેર—પાણી લઇને આવ્યો હું, જોઊં ત્યાં તો નીર જીવ તું;
અગ્નિદાહ તને દેવા માટ, કફન લેવા ગયો વણીકને હાટ;
પોચી મુકી વણીકને તંહી, કાટ કફન મેં લીધું સહી;
પાછો આવી જોઉં જયાં, તારૂં શબ ન દીઠું ત્યાં;
ત્યાંથી પાછો આવ્યો ઘેર, જમાડ્યા મુજને રૂડા પેર;

મધરાતે મચાવ્યો શોર, ખુમ પાડી કંઇ ચોર ચોરં;
સીપાઈએ મુજને પકડ્યો સાર, ફાંસીનો કીધો નીરધાર;
જેદેવસાએ છોડાવ્યો. તેની સાથે અચલાકપુર ગયો;
પાછો અવતા પરણી નાર, વણીકે નાંખ્યો સમુદ્ર મોજાર;
ત્રુઠો મુજપર જગનો નાથ, લાગ્યું એક પાટીયું હાથ;
ફીરમત જોગે આવ્યો અહીં, ત્યારે તુજને ભેટ્યો ભાઈ.

નીર—(ઘણો ક્રોધ યુક્ત થઇને સીપાઇઓને કેહેવું) સીપાઇઓ? જુવો તે વાણીઆના વાહાણ બંદર ઉપર આવ્યાં કે નહી? જો તેના વાહાણ આવ્યાં હોય તો, જેદેવશાને પકડી મારી પાસે લાવો? અને જે વણીઆએ મારા ભાઇને ફાંસી દેવડાવ્યો, અને જુઠી ચોરી ચઢાવી. તેના ઘરબાર લુટી લઈ ગામ બાહાર કાડી મુકો?

સીપાઈઓ—વારૂ, ગરીબ પરવર જેવો આપણો હુકમ (સીપાઇઓ જાય છે અને નરપતીઓ વણજારો દાખલ થાય છે.)

નરપતીઓ વણજારો—ગરીબ પરવર રાજા સાહેબ, અમારી પોઠો આવી ચુકી છે. તેનું જે દાણુ થાય તે જલદી ચુકાવી લીયો, વાર લાગસે તો અમારી બોન અમને વઢસે.

નીર—અરે ભાઇ, આવા તમે બેહેન પર પ્યાર રાખો છો તે તમારી બેહેન તમારાથી નાની છે કે મોટી?

નરપતીઓ વણજારો—માહારાજ તે કાંઇ મારી સગી બોન નથી અમો ફરતાં ફરતાં નર્મદા કીનારે ગયા હતા, ત્યાં એક બાઈ બેઠી બેઠી રોતી હતી, અને મેં પાસે જઇને પુછ્યું. કે તું કોણ છે? ત્યારે તેણે મને કહ્યું કે હું રાજા ચંદનની રાણી છું, અને મલ્યાગરી મારૂં નામ છે, હું દુઃખીઆરી છું, મારો ભરથાર અને બે પુત્ર આ નદીમાં તણાઈ ગયાં, તે માટે હું બેઠી રડું છું, એવું સાંભળવાથી મને દયા આવી, ને મેં તેને કહ્યું કે તું અમારી ધરમની બોન છે, ચાલ અમારી સાથે, તેજ હમારી સાથે છે, અને હમો તેના કહ્યા પ્રમાણે વરતીએ છીએ.

નીર—(આશ્ચર્ય પામી) વારે રંગછેરે વણજારા તારા ગાત પીતાને જા તેને બોલાવી લાવ? ખજાનચી, જાવો તમે એ વણજારા

સાંથે અને તેને લઇ આવો? (જાય છે.)
સીપાઈઓ—માહારાજ, આ જેદેવશાને હમો પકડીને લાવ્યા છીએ એને ગમે તે શીક્ષા કરો?
નીર—સીપાઈઓ, એવો જે દુષ્ટ કુકર્મનો કરનાર તેને તમો મારી પાસે શા માટે લાવ્યા? આ ભરી સભાની અંદર એના જીવતા નખ ઉતારો? અને તરવાર વતે એના શરીરના કકડે કકડા કરી નાંખો?
સાયેર—ભાઇ આતો મોટી અણુઘટતી વાત થાય છે.
નીર—ત્યારે મારા વાહાલા બંધુ તારો શું હુકમ છે?
સાયેર—મારા પ્રાણ પ્રીય નીર, હું જેમ કહું તેમ તું કરસે?
નીર—હા મારા પ્રીય બંધુ, અગર જો તારો હુકમ હોય તો હું એને ઠાર મારૂં?
સાયેર—ના ના ભાઈ, એવું આપણે ન ઘટે એને મને જીવતદાન આપ્યું છે માટે એને છોડી દે.
નીર—અયે દુષ્ટ કર્મના કરનારા અધર્મી વણીક, તારાં મોટાં ભાગ્ય ઉદય થયાં કે મારા વાહાલા ભાઇને દયા આવી? નહીતો મારો તો કાંઇ બીજોજ વિચાર હતો પણ શું કરૂં કે મારાથી આજ્ઞા ભંગ થતી નથી. માટે તને છોડી દઊં છું.
જેદેવશા—માહારાજ, જે કાંઈ મારો અપરાધ થયો હોય તે મને ક્ષમા કરો.
નીર-અએ વણીક ઢોહલસીંગ રાજાની પુત્રી તથા તેની દાસી ક્યાં છે?
જેદેવશા—માહારાજ વાહાણમાંજ છે
નીર—સીપાઇઓ જાઓ? અને જે માણુસો આ વણીક તમારે સ્વાધીન કરે, તેને અતી સંભાલ, તથા આદરમાનથી અહીંઆ લીઆવો?
સીપાઈઓ—બહુ સારૂં માહારાજ, જેવી આપની આજ્ઞા (જાયછે.)
(મલ્યાગરીનું આવવું, સાયેર અને નીરે પગે લાગવું અને ભેટવું)
નીર તથા સાયેર—ઓ મારી વાહાલી માતાજી! અમારો પ્યારો પીતા ક્યાં છે?
મલ્યાગરી— માહારા વાહાલા પુત્રો, આપણા દુઃખનો હવે અંત

આવ્યો છે, વળી જ્યારે આપણે આવાં સંકટમાંથી બચ્યાં ત્યારે તમારા પીતાજી પણ જીવતાજ હશે. માટે એમની શોધ કડાવો?

નીર—ગોર અમારા પીતાની શોધ કાડો?કેમ કે એ કામ તમારા વગર બીજાથી નહી બને !

ગોર—વારૂં માહારાજ, બહુ સારૂં, પણ મને કાંઈ નિશાની આપો, કે જેથી કરીને તમારા પીતાજીને વિશ્વાસ આવે.

નીર—વારૂ ગોર નીશાની મોટી આપું છું, એક આ અડધો દોહેરો, ગામે ગામ અને શેહેરે શેહેરે, ગાતા ફરજો ?

દોહરો.

ક્યાં ચંદન ક્યાં મલ્યાગરી. ક્યાં સાયેર ક્યાં નીર;

આ દોહરો તમારે બોલવો અને એનો જે જવાબ આપે તેજ અમારો પીતા કરી જાણવો, તે તમને જવાબ હું કહું છું તે પ્રમાણે આપશે.

દોહરો.

જેમ જેમ પડેરે વિપતડી, તેમ તેમ સહે શરીર.

હવે જેમ બને તેમ જલદી જાવો, અને સારા સમાચાર લઈ આવો, અને અમારા પીતાને પણ લઈને આવજો.

પ્રવેશ ૭ મો.

સ્થળ—રસ્તો.

દોહરો.

ગોર—ક્યાં ચંદન ક્યાં મલ્યાગરી ક્યાં સાયેર ક્યાં નીર;

અરે હું દેશો દેશ અને ગામો ગામ રખડ્યો પણ ક્યાંએ ચંદનનો પત્તો લાગ્યો નહી, અને ભુખ તરસ વેઠતાં મારૂં તો શરીર પણ સુકાઈ ગયું. ચાલવાની પણ શક્તિ હવે રહી નથી, ઓ દેવ! અરે ક્યાંથી પણ રાજાચંદનને મેળાવ કે મારી પણ આબ રહે! અને વળી ઇનામ પણ મળે. કે જેથી મારો સુખે ગુજારેરૂ ચાલે, માટે ઓ પ્રભુ મને સાહે થા! [વીચાર કરે છે] હવે તો

બાકી એક નર્મદા કીનારે રહ્યા છે, ચાલ ત્યાં જાઊ, જો ઇશ્વરની કૃપાથી મળે તો !

પ્રવેશ ૮ મો.

સ્થળ—માહાદેવનું મંદીર.

(રાજાચંદન ઈશ્વર પ્રાર્થના કરે છે.)

કાફી—હોરી.

ચંદન—દીન દયાલ મોરારી, પ્રભુ છો દીન દયાલ મોરારી, તમે સાહે કરોની અમારી—ટેક.

સેવકને તમે સાહે કરોછો. ભક્ત વછળ બ્રદધારી,
જાણીને મુજને દાસ તમારો, વારે ચડોની અમારી—પ્રભુ,
મહા પાપી આ જગમાં ઉધર્યા નામ તમારૂં સંભારી;
નામનું માહાતમ જાણે તમારૂં રૂશી મુની બ્રહ્મચારી—પ્રભુ.
હાથ જોડાને તમને પ્રભુજી, પ્રણામું હું વારંવારી;
કાંતો આ પ્રાણ હરીલોને મારા કાંતો મેળવ પુત્રનારી—પ્રભુ.

પ્રિયા! મારી વાહાલી પ્રિયા ! પુત્રો ! મારા પ્રિય પુત્રો, દૃઢ થાઓ, સુખી થાઓ, મારા દુઃખના દિવસનો હવે અંત આવ્યો છે, અને તેની સાથે મારા સંકટ પણ સમાપ્તિ પામશે ! અહીંયાં મારાં દુખ, મારો ખેદ અને મારી મોજનો છેડો આવે છે, મારી વાહાલી, મારા પ્રિય પુત્રો ! આ એક ક્ષણમાં આકાશના પંખેરૂની પેઠે હું સ્વતંત્ર થઈ પડવાનો છું !

આ ઘાતકી તરવાર આ પાપીના હાથથી એનું કામ પુરૂં કરસે ! અરે પ્યાર ! કસાઇ પ્યાર ! તારી દોરી ઘણી મજબુત છે ! ઘડી અને પળે તું મારી પ્રાણ પ્રિયા અને પુત્રોને યાદ લાવે છે ! પણ નહી, હવે તો ભારે હિમ્મતથી તને મારે વશ કરવો જોઇએ ! તારા પેચમાંથી હવે મારે છટકી જવું જોઈએ! અરે આ દુનિઆમાં મારા જેવાં કેટલાં દુઃખી પુરૂષો આવી રીતે ભટકતાં હશે ! પેહેલા પુત્રો, પછી પ્રિયા, અને છેવટે હું પોતે એ સર્વે શનીદેવના

કોપનું બલીદાન થશે. હું સત્યને માટે મરૂ છું, અને મારા પુત્રો અને મારી પ્રિયા પણ સત્યને માટેજ મરતાં હશે! ત્યારે મારે મારા રદયને હવે પાતળું થવા દેવું ના જોઈએ. મારે હવે રાજી ચંદને મરી પડવું અને મારા પાપ કર્મનું ફળ ગરીબ થઇને વેઠવું, (જુસ્સામાં) અરે બધા માણસ મરો! દેવતાઓનો અંત આવો, આકાશમાં ચળકતા તારાઓ ઝાંખાં થઇ જાઓ, બધા માહાસાગરો સુકાઇ જાઓ. સર્વે પર્વતો અને ડુંગરો જમીનદોસ્ત થઈ જાઓ, જુસ્સા, ભરેલી લડાઇઓ થાઓ, લોહીની નદીઓ વેહેવા માંડો, મારા સરખા લાખોને કરોડો માણસો આ પ્રમાણે માર્યા જાઓ તોએ પણ સત્યતાને અગ્રપણે વર્તવા દો; સત્યતા! સર્વની ચલાવનાર થવા દો, અને અને સત્યતા મનુષ્યોની અને દેવતાઓની છેલ્લી વારની શાન્તિ થવા દો. અહો સત્યતા! મારા રદયમાં બીરાજમાન થએલી સત્યતા! સઘળા મનુષ્યોને તારીજ બાંયે પકડીને ચાલવા દો. ઓ મારી પ્રાણપ્રિયા! મારા પ્રિય પુત્રો! મારા તમોને છેલ્લા પ્રણામ છે! અને છેવટે તમારા વિયોગમાને વિયોગમાંજ આ તરવારથી મારો પ્રાણ જનાર છે!

(ખાલેકા માલેકા) એ રાહ.

પ્રિયાથી માહેરો કર કર મીલાપ—ઓ પ્રભુ;
જ્યાં પ્રિયા ત્યાંજ હું કરને મીલાપ—ઓ પ્રભુ;
મોત દે ઓ પ્રભુ આવીને—ઓ પ્રભુ;
આ અરજ મારી તું કર કબુલ—ઓ પ્રભુ;
લે કમલ પુજોય તું આવીને—ઓ પ્રભુ.

(એટલામાં ગોર આવે છે અને ચંદન જેવો તરવાર પોતાના ગળામાં મારવાં જાય છે તેવોજ તેના હાથમાંથી ખેંચી લે છે.)

ગોર—અયે જોગી એંગ તે તું શું દુઃખમાં ગરક થઇ ગયો છે કે આપઘાત કરવાને તૈયાર થયો છે? (ચંદને જવાબ આપવો)

(જીનેસે બેજાર હું માર તું) એ રાહ.

ચંદન—જીવ્યાથી બેજાર છું માર તું;
ખેંચની ભાઇ યે તલવાર તું—જીવ્યાથી

ક્યાં ગયા પુત્રને પ્રિયા માગ;
તેથી કર ને ઠાર તું ઓ પ્રભુ આવાર તું--જીભ્યાથી.
તેથી દયા કરી દાસની વારે જલદી;
આ દુઃખમાંથી તાર તું આવીને ધીરતાર તું—જીભ્યાથી.

ગોર—(દુર જઇને) આ વચન ઉપરથી મારી ખાતરી થાય છે કે એજ પોતેજ રાજા ચંદન છે. પણ કંઇ નહી હું પેલો દોહોરો તો બોલું પછી તરત માલમ પડી જશે.

ગોર—ક્યાં ચંદન ક્યાં મલ્યાગરી, ક્યાં સાયેર ક્યાં નીર;
કોઈ હોયતો ભાઈ કહી દેજો ! (એમ બે ત્રણ વખત બોલે છે, રાજા આશ્ચર્ય પામે છે અને બ્રાહ્મણને બોલાવે છે.)

ચંદન—ઓ માહારાજ, અહીંઆ આવો, અહીંઆ આવો ?

ગોર—ઓ જોગી કેમ શું કહોછો ?

ચંદન—માહારાજ, ફરીથી દોહરો બોલોની ?

ગોર—ક્યાં ચંદન, ક્યાં મલ્યાગરી, ક્યાં સાયેર, ક્યાં નીર;

ચંદન—(દલગીરીમાં)જેમ જેમ પડે વીપતપડી, તેમ તેમ સહે શરીર.

ગોર—જોગીરાજ મને માહા આશ્ચર્ય લાગે છે કે એ દોહરો તમે પુરો કર્યો !

ચંદન—કેમ માહારાજ, તમે શું આશ્ચર્યમાં પડ્યાછો કહોતો ખરા ?

ગોર—અયે જોગીરાજ, જે આ દોહરો પુરો કરે, તે તો સત્યવાદિ રાજાચંદન, માટે તમે તો રાજાચંદન ન હો !

ચંદન—હા મહારાજ, હું પોતેજ રાજાચંદન છું, શું કહોછો.

ગોર—તારેતો ચાલો ઉઠો, માહારાજ વહેલા ઉઠો, હું તમારી સ્ત્રી તથા પુત્રોને મેળવું. (જાયછે)

પ્રવેશ ૯ મો.

સ્થળ—રસ્તો

(વિદુષક અને પ્રધાન આવે છે.)

ભઐરવી—ગરબી.

(ઓધવજી સંદેશો કહેજો શામને.) એ રાહ.

વિદુષક અને પ્રધાન—આરો ગજબ ઇશ્વર તેં કીધો કારમો
પાડ્યો વિખુટો સતવાદી સરદારજો
દયા કેમ ન આવીરે, નમેરો કેમ થયો,
ચંદન વિન હવે જીવવામાં ધીક્કારજો;
નીરલજ તારી છાતી કઠન આવી કેમ થઇ,
દયા દીલમાં લાવી કરને વીચારજો;
મેળવ પ્રભુજી સ્નેહી ચંદન રાયને,
જે છે અમારા હઈયાં કેરો હારજો.

પ્રધાન—વિદુષકજી હવેતો આખરી થઇ, કેમકે હેવો કોઇ દેશ નથી કે આપણા જોવામાં ન આવ્યો હોય માટે હવે આપણો અન્નદાતાર જે ચંદન તેનો મેલાપ થાય એવું તો મને કાંઇ જણાતું નથી, માટે હવે શું વિચાર કરવો ?

વિદુષક—પ્રધાનજી હવે વિચાર કરવાનો કાંઇ બાકીજ રહ્યો નથી કેમકે આપણે બધા દેશો દેશ ફર્યા પણ આ શેહેર બાકી છે, તેમાં તપાસ કરીએ માટે ચાલો.

પ્રધાન—ચાલ વિદુષક શોધીએતો ખરા, પછી આપણા કીસ્મત
(જાય છે.)

(રાજા ચંદન તથા ગોર આવે છે.)

ચંદન—માહારાજ હજુ કેટલુંક ચાલવાનુ છે, ચાલતાં ચાલતાં મારાતો પગ દુખી ગયા, તમો મને ઠગતા તો ન હો !

ગોર—અરે મહારાજ, હજીતો આપણે આજ સાંજે શેહેરમાં જઇ પુગસું. (જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—દરબાર.

(સીપાઈઓ સાયેરની સ્રીને લઈ આવેછે સાયેર ભેટે છે, મલ્યાગરીને પગે લાગેછે, એટલી વારમાં રાજા ચંદન અને ગોર આવે છે.)

સીપાઈઓ—માહારાજ, પેલા વણીકના વાહાણમાંથી ઢોકલશીંગ રાજાની પુત્રીને લાવ્યા છીએ અને વણીકને છોડી મુકયો છે.
નીર—વાર્ સીપાઇઓ બહુ સારૂં કર્યું.
(ગોર અને રાજા ચંદન આવે છે)
ગોર—મહારાજ, ઓ મહારાજ; આમ આવો કાંઈ લાવ્યો છું,
(મલ્યાગરી, સાયેર, નીર અને રાજાચંદન એ ચારે જણાની નજર એક થવાથી ભેટે છે.)
ચંદન—ઓહો મારી પ્રિયા ને મારા પુત્રો!
નીર—ખજાનચી મારા પીતાને અમુલ્ય પોશાક આપો?
ગોર—કેમ માહારાજ, હવે સાચું કોણ તમે કે હું? મને તમો કેહેતા હતા કે ઠગતો તો ન હોય?
ચંદન—માહારાજ, મારી ભુલ થઇ છે, તે માટે મને ક્ષમાં કરો.
ગોર—અરે નારે માહારાજ તેનું તો કાંઇ નહી, પણ માહારાજ મને કાંઇ?
નીર—જાઓ ગોર મેં તમને ઈનામમાં દશ ગામો આપ્યા?
ગોર—સારૂં માહારાજ સુખી રહો, ને તમારી જય જય થાવો.
(સનીદેવનું આવવું)
સનીદેવ—અએ સતવાદી રાજાચંદન, ધન્ય છે તારી ધીરજને કે તારા જેવા પુરૂષો જગતમાં થોડાજ હશે, હું શનીદેવ છું, અને તારા ઉપર પ્રસન્ન છું, માટે માંગ માંગ શું માંગે છે?
ચંદન—(ઘુંટણે પડીને) માહારાજ હું એજ માગું છું કે આવું, દુઃખ કોઈને નહીં દેતા, કેમ કે આવી ધીરજ અને આવાં કષ્ટ, બીજાથી સહન નહી થાય.
સનીદેવ—રાજા, તથાસ્તુ! વા મનુષ્યજન જે કોઇ આ તારી પ-વીત્ર કથાને સાંભળસે, યા બીજાને સંભળાવસે તેને હું સનીદેવ કદાપી પીડા કરનાર નથી.
ચંદન—બહુ સારૂં માહારાજ, બીરાજો આ આસને.
(શની બેસે છે, બધા ઉભા રહે છે, અને તેટલામાં વિદુષક તથા પ્રધાન આવે છે.

ચોપદાર—મહારાજ, આપણી દરબારમાં આવવાની ઉમેદથી બે જોગીઓ બહાર ઉભા છે, હુકમ હોય તો આવવા દઊં.
ચંદન—બહુ સારૂં બેલાશક આવવાદે. (આવે છે) જોગીઓ તમે શું ઉમેદ રાખીને આવ્યા છો, અને શું હુન્નર જાણો છો?
વિદુષક—માહારાજ, હમે ગાવાની કળા બહુ સારી જાણીએ છીએ.
ચંદન—ત્યારે બહુ સારૂં, શું જોણો છો, ગાઓ!
પ્રધાન—(બાજુએ) વીદુષક આજ આપણો રાજા છે.
વિદુષક—પ્રધાનજી કેમ છે, આ ધાણુ બગાડો છો કે શું, ઉતાવળા! ના થાવો! જુવો તો ખરા, એમના મોઢેથી બોલાવું કે હું રાજાચંદન પછી કેમ?
પ્રધાન—હા ઠીક છે ત્યારે ચાલ ગાયેન ગાઈએ. (ગાય છે)

ભઐરવી—ઠુમરી.

(કયાં ગયો શાહાજાદા જાની પ્યારો.) એ રાહ.

કયાં મળસે ચંદન પ્યારો, જીવ તલપે છે હમારોરે—ટેક.
દેશો દેશ અને જંગલે જંગલ, ફરતાં ન આવ્યો આરોરે—કયાં.
વિજોગના દુઃખનો માથેથી, ક્યારે ઉતરશે ભારોરે—કયાં.
આણી દયા પ્રભુજી મેળવ ચંદન, ચંદન વીન જગ ખારોરે—કયાં.

(આ ગાયન સાંભળી બધાં આશ્ચર્ય પામે છે.)

ચંદન—અરે આ કોણ! વીદુષક અને પ્રીય પ્રધાનતો ન હોય! હુંજ રાજા ચંદન છું.

(રાજાને ભેટે છે અને મલ્યાગરીને પગે લાગે છે અને બહુ આનંદ પામે છે.)

મલ્યાગરી—પ્રાણનાથ, આ વણજારાએ મારો પ્રાણ બચાવ્યો હતો.
ચંદન—શું આ વણજારાએ તારો પ્રાણ બચાવ્યો હતો?
મલ્યાગરી—હા સ્વામીનાથ!
ચંદન—અહો વણજારા તે મારી પ્રીયાનો પ્રાણ બચાવ્યો છે, તેથી આ રાજ્યાસન તને સોંપું છું, અને તું સારી રાતે રાજ ચલાવજે.
વણજારો—સારૂં માહારાજ, મારૂં ભાગ્ય ખુલ્યું ખરૂં.

(વીદુષક રીસાઈ જાય છે અને તેને રાજા સમજાવે છે)

ચંદન—કેમ વીદુષક શું છે, તું દલગીર શા માટે થાય છે?
વિદુષક—હા! આ ગધેડા ચારૂને રાજ્ય આપ્યું, અને હમો દેશો દેશ, જંગલે જંગલ ગામે ગામ, અને શેહેરે શેહેર ફર્યા તો કાંઇ નહી, એ કેવો ઊંધો ન્યાય?
ચંદન—મારા ભલા વિદુષક શા માટે તું ગભરાય છે, આપણી જે ચંદનાવતી છે, તે તારેજ માટે છે કેની.
વિદુષક—અરે ત્યાંતો પેલું પાપ બેઠેલું છે એનુ નામ નાલ્યો.
સર્નીદેવ—અએ રાજાચંદન, રાજા પુંદરીક તો મરણ પામ્યો છે જા તું ચંદનાવતી નગરીનું રાજ્ય કર?
વિદુષક—ઓહો, ઓહો, ધરણુ છુટું વાહ! વાહ!

(કૃષ્ણ વઇમાનમાં આવે છે)

કૃષ્ણ—અયે સત્યના સ્તંભ રાજાચંદન, તેં પુર્વે પાપ કર્યા હત તેથી તને દુઃખ પડવું તેમાં કાંઇ શનીનો અપરાધ નથી હવે હું તારા ઉપર પ્રસન્ન છું, માંગ માંગ વર માંગ?
ચંદન—(પગે લાગી) માહારાજ, મને તમારી ભક્તિ પ્રાપ્ત થાય, અને ફરીથી બીજો જન્મ ન ધરૂં.
કૃષ્ણ—તથાસ્તુ !!!

ઝીંઝોટી—દાદરો.

(દર ચાલે હાલે દીલમાં નોધીલો.) એ રાહ.

બધા—ઓ ઇશ્વર જગ કર્તા તારી, છે અકલ કળા સૌથી ન્યારી;
કરી હમપર મેહેર કૃપા ધારી, કીધો તે ખેલ પુરો આરી;
અએ મંગલ મુરતી ગિરધારી, છે અકલ કળા સૌથી ન્યારી.
ઉમેદ પુરી થઇ હમારી, આવી સાહે કરી તેં મોરારી;
પ્રણામ કરીએ વારંવારી, સેવકના છો તમે સુખકારી;
જઈએ તમો ઉપર હમે બલીહારી, છે અકલ કળા સૌથી ન્યારી.
મનકા પાપીને તેં તારી, ધાર કરી અલ્યા નારી;
વંદાને તેં મસ્તક ધારી, ગુણ ગાઈએ તમારા લલકારી;
કરજે તું અંતગતી સારી, છે અકલ કળા સૌથી ન્યારી.

સમાપ્ત.

મેહેતા જમનાદાસ ભગવાનદાસની કુંપનીએ પ્રગટ કરેલાં પુસ્તકો.

CHEAP AND USEFUL SERIES.

	Rs.	As.	P.
Exhaustive Notes on Lamb's Tales from Shakespeare	0	12	0
Do (with Gujarati Equivalents)....	1	0	0
Exhaustive Notes on Vicar of Wakefield	0	12	0
Exhaustive Notes on Sandford and Merton	10	0	0
Exhaustive Notes on Traveller with free Paraphrase and Text... ...	0	8	0
Exhaustive Notes on Homer's Iliad Book I ... ... — ...	0	6	0
Paraphrase of Goldsmith's Traveller	0	2	0
Short Sentences for Beginners (English and Gujarati)	0	2	0
રોયલ સ્કુલ પ્રાઇમરના મિનીંગ.	૦	૪	૦
રોયલ રીડર નં૦ ૧ લાના મિનિંગ	૦	૬	૦
રોયલ રીડર નં૦ ૨ જોના મિનિંગ	૦	૮	૦
રોયલ રીડર નં૦ ૩ જાના મિનિંગ	૦	૧૦	૦
રોયલ રીડર નં૦ ૪ થાના મિનિંગ	૦	૧૦	૦
રોયલ રીડર નં૦ ૫ માના મિનિંગ	૦	૧૨	૦
હાવર્ડકૃત પ્રાઇમરના મિનિંગ (મોટા)...	૦	૪	૦
હાવડકૃત અંગ્રેજી બીજી ચોપડીના મિનિંગ... ...	૦	૬	૦
ફારસી આમાદન નામનો અં૦ ગુ૦ તરજુમો... ...	૦	૨	૦
શાળોપયોગી કોષ્ટકો	૦	૧	૦
ન્યુ રોયલ નંબર ૧ લાના મિનિંગ	૦	૬	૦
ન્યુ રોયલ નંબર ૨ જાના મિનિંગ	૦	૮	૦

ન્યુ રોયલ નંબર ૩ જાના મિનિંગ ૦ ૧૧ ૦
ન્યુ રોયલ પ્રાઇમરના મિનિંગ... ... ... ૦ ૩ ૦
બાળમિત્રના મિનિંગ ૦ ૩ ૦
બાળ ચિત્રપોથી અથવા ગુજરાતી પેહેલી ચોપડી ... ૦ ૧ ૦

વારતાઓના પુસ્તકો.

જાળંધર આખ્યાન ... ૧ ૮ ૦
મદાલસા આખ્યાન... ૦ ૮ ૦
સ્ત્રીવિલાસ ગરબાવળી.. ૦ ૮ ૦
દલપત અને ધનપાળની વારતા ૦ ૨ ૦
દરેક માણસ જાતે વૈદ્ય. ૧ ૦ ૦
કલગી ગાયન સંગ્રહ.. ૦ ૧૨ ૦
મુરખાની વારતા.. ... ૦ ૧૨ ૦
સજ્જનતામેળવાનાંસાધન ૦ ૨ ૦
પાર્વતિ લક્ષ્મીજીનો સંવાદ ૦ ૧ ૦
રીડલ શીખવાની ચોપડી ૦ ૮ ૦
સત્યવંતી આખ્યાન.... ૦ ૬ ૦
ક્રીકેટ ગાઈડ ૦ ૧ ૦
અભીમન્યુનો ચક્રાવો.. ૦ ૮ ૦
ઓખાહરણ ૧ ૦ ૦
સુધન્વા આખ્યાન. ... ૦ ૬ ૦
વલ્લભકૃત કાવ્ય પુસ્તક ૧ લું. ૦ ૧૨ ૦
વલ્લભકૃત કાવ્ય પુસ્તક ૨ જું. ૦ ૧૨ ૦
પ્રેમરાવ અને પ્રેમગવરી ૦ ૪ ૦
શીખામણના ખરડા (સાત પાનામાં) ૦ ૩ ૬
સુરતી સુખડાને સીધપુરની યાત્રા... ... ... ૦ ૩ ૦

નાટકનાં પુસ્તકો.

ગુલશને બેખાર ઉર્દૂ તમાશાએ પુરબહાર (કે જેની અંદર નવ ઉરદુ ખેલો, બે જલસા, બંદગીઓ, બન્જારાના ગાયનો, તથા મુજરાઓમાં ગવાતી ૧૫૦ ગજલોનો સંગ્રહ કીધો છે)... ... ... ૧ ૪ ૦
છેલ સેલાણી અને વિક્રમ ચરીત્ર નાટક... ... ... ૦ ૬ ૦
તમાશાએ નતિજએ અરમત ૦ ૬ ૦
અન્જામે સખાવત (ઉર્દૂ બાદશાહે ખોદાદોસ્ત) ... ૦ ૫ ૦
ચંદન મલ્યાગરી નાટક (પાંચમી આવૃતિ) ૦ ૪ ૦
મકેઝના (ઉર્દૂ અફસરે રફતાર)... ... ... ૦ ૪ ૦
તોહફ્યે દીલકોશા (ઉર્દૂ નઇ ઇન્દર સભા) ૦ ૨ ૦
સોબતે અસર અથવા મોહન દુખદર્શક... ... ... ૦ ૩ ૦

નકશે સુલેમાનીનો ઉરદુ ખેલ ૦ ૩ ૦
ગુલશને બાહાર આફ્જા (ઉર્દૂ નઈ ઇન્દર સભા) ... ૦ ૨ ૦
અન્જનમે સુખન (ઉર્દૂ તીરીયા ચરત્તર) ૦ ૩ ૦
ગુલશને બેખાર (ઉર્દૂ બુલબુલે બીમાર)... ... ... ૦ ૩ ૦
અલીબાબા ચાલીસ ચોર... ... ... ૦ ૩ ૦
દાદે દરિયા (ઉર્દૂ બાદશાહ ખુદાદાદ.) ૦ ૪ ૦
ઇશ્ક નવ બાબહાર (ઉર્દૂ ચંદ્રબદન મોહીયાર... ... ૦ ૨ ૦
નંદરાજા અને સતિ સુલોચનાના ગાયનો. ૦ ૨ ૦
ધ્રુવ આખ્યાનના ખેલમાં ગવાતાં ગાયનો ૦ ૧ ૬
રસીકાનો અતી રમુજી ફારસ. ૦ ૧ ૦
ચાલાક શકરબી તથા ગુરૂજીની ગડબડનો ફારસ ... ૦ ૧ ૦
મોતીશા અને દાહી વહુનો ફારસ. ૦ ૨ ૦
અકસીરે આઝમ (ઉર્દૂ તીલસમાતે સુલેમાની)... ... ૦ ૧ ૬
ગુલીસ્તાને ખાન્દાને હામાન. ૦ ૪ ૦
ગુલીસ્તાને રાગ ભાગ પેહેલો. (પ્રખ્યાત ગાનારીના ગાયનો.) ૦ ૩ ૦
સવાઇ ઠગનો રમુજી ફારસ ૦ ૧ ૬
હરીશચંદ્રના ખેલના ગાયનો ૦ ૧ ૦
નળદમયંતીના ખેલના ગાયનો... ... ... ૦ ૦ ૯

ચદ્રસેનને ચંદ્રપ્રભા નાટક ૦ ૬ ૦	નયરંગે ઇશ્ક ૦ ૪ ૦
વ્રંદા દુઃખદર્શક ... ૦ ૬ ૦	ગુલેબકાવલી નવી. ... ૦ ૪ ૦
તમાશાએ ચાંદણી ... ૦ ૪ ૦	લયેલી મજનુ.... ... ૦ ૨ ૦
જલસએ સનોબર ... ૦ ૩ ૦	ફસાનએ અજાયબ ... ૦ ૪ ૦
ચાંપરાજ હાંડાના ગાયનો ૦ ૧ ૦	બકાવલીના ગાયનો ... ૦ ૧ ૬
ભરથરીના ગાયનો ... ૦ ૧ ૬	હામાનના ખેલના ગાયનો ૦ ૧ ૬
કામાવતી નાટક ... ૦ ૪ ૦	બનજારાના ગાયનો ... ૦ ૦ ૯

બીજા નાટકનાં તથા પરચુરણ પુસ્તકો.

હિંદુસ્તાની ગાયન સંગ્રહ ભાગ ૧, ૨, ૩, દરેકનો... ૧-૦-૦
સીતમે હામાન ઉર્દૂ ફરેબે અજાએબ ૦-૮-૦
અંજનમે ઉલ્ફત ઉર્દૂ હુમાયુન નાસીર ૦-૬-૦
હાતમત્રીન તએ ઉર્દૂ અફસરે સખાવત ૦-૬-૦

નાટક કુંપનીના માલેકોને ખાસ ખબર.

બાહાર ગામ વાલા દરેક નાટક કુંપનીના માલેકોને ખબર આપવામાં આવે છે હમારી દુકાનેથી નાટકને લગતા દરેક જાતના પરદા, ડ્રેસીસ (પોશાકો) તથા દરેક જાતની સીનરી અને એ સીવાએ નાટકને લગતો દરેક જાતનો સામાન જલદી તૈયાર કરાવીને મોકલવામાં આવસે. અને જેટલી મુદતમાં માંગસે તેટલીજ મુદતમાં તૈયાર કરી આપવામાં આવસે. ઉમદા સસ્તુ અને જલદી કામ કરી આપવામાં આવસે. આજ દીન સુધી જે સાહેબોએ હમારી મારફતે કામ કરાવ્યું છે તેઓ ઘણી સારી રીતે સંતોષ પામ્યા છે. હમારી મેહેનતના બદલામાં ફકત જુજ કમીશન ચાર્જ કરવામાં આવશે. નીચે લખેલે ઠેકાણે કાગલ લખવાથી દરેક જાતનો ખુલાસો થશે.

મેહેતા જમનાદાસ ભગવાનદાસની કુંપની,

મેનેજર—જમનાદાસ ભગવાનદાસ,

ઠેકાણું :—ભુલેશ્વર મુંબાઈ.